**અંક બંધ રહેશે**

જન્માષ્ટમી પર્વને અનુલક્ષીને તા.૦૪ અને ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી બે દિવસ અંક પ્રકાશિત થશે નહિ. તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી. - મેનેજમેન્ટ



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 329 | AD - 2026, Shravan Sud -08 | Friday, Dt. 04-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### સંરક્ષણથી લઈને સ્વચ્છ ઊર્જા સુધી સહયોગ પર બંને નેતાઓ વચ્ચે ચર્ચા

## પીએમ મોદી અને બેલ્જિયમના વડાપ્રધાન ડી વેવર વચ્ચે મુલાકાત

નવી દિલ્હી, તા.૦૩

ભારત અને બેલ્જિયમ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ આપવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે બેલ્જિયમના વડાપ્રધાન બાર્ટ ડી વેવર સાથે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ સંરક્ષણ, વેપાર, રોકાણ, સ્વચ્છ ઊર્જા, ટેકનોલોજી, સ્ટાર્ટઅપ, સંશોધન અને કનેક્ટિવિટી સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી. મુલાકાત પહેલાં બેલ્જિયમના વડાપ્રધાન ડી વેવરે રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી અને મુલાકાતી પુસ્તિકામાં હસ્તાક્ષર કર્યા હતા. સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત-બેલ્જિયમ સંબંધો હવે પરંપરાગત સહયોગના ક્ષેત્રોથી આગળ વધીને સંરક્ષણ અને સ્વચ્છ ઊર્જા જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વિસ્તરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે બંને દેશો ઝોરાવર ટેન્ક જેવા આધુનિક સંરક્ષણ સાધનોના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરી રહ્યા છે. આ ઉપરાંત આંધ્રપ્રદેશના કાકીનાડામાં વિશ્વના મોટા ગ્રીન એમોનિયા પ્રોજેક્ટ્સમાંના એકના વિકાસમાં પણ સહયોગ થઈ રહ્યો છે. તેમણે ભારત અને બેલ્જિયમ વચ્ચેના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કરતાં પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન બેલ્જિયમમાં ભારતીય સૈનિકોના બલિદાનને બંને દેશોની સહિયારી યાદીનો મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો. મોદીએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે આ વર્ષની શરૂઆતમાં અંતિમ સ્વરૂપ પામેલા ઐતિહાસિક મુક્ત વેપાર કરારને આવકાર્યો હતો. તેમણે બંને દેશો વચ્ચે રોકાણ માટે



'ફાસ્ટ-ટ્રેક મિકેનિઝમ' બનાવવાની માહિતી આપી અને આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો લક્ષ્યાંક વ્યક્ત કર્યો હતો. બંને દેશોએ 'ભારત-બેલ્જિયમ બિઝનેસ ફોરમ'ને નિયમિત કાર્યક્રમ બનાવવાનો નિર્ણય કર્યો છે. બેલ્જિયમના વડાપ્રધાન બાર્ટ ડી વેવરે ભારતની ટેકનોલોજીકલ અને આર્થિક પ્રગતિની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ભારત બેલ્જિયમ માટે સતત મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યું છે.ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, સેમિકન્ડક્ટર્સ, સ્વચ્છ ઊર્જા, અદ્યતન ઉત્પાદન અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં સહયોગની વિશાળ સંભાવનાઓ હોવાનું તેમણે જણાવ્યું હતું. બંને દેશોએ સ્ટાર્ટઅપ્સ, દરિયાઈ ક્ષેત્ર, યુનિવર્સિટી અને સંશોધન ક્ષેત્રે સહયોગ વધારવા તેમજ પ્રતિભાની અવરજવર સરળ બનાવવા માટે સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી કરાર પર ટૂંક સમયમાં હસ્તાક્ષર કરવાની દિશામાં પણ સહમતિ દર્શાવી હતી. ડી વેવર ૪ સપ્ટેમ્બર સુધી ભારતની સત્તાવાર મુલાકાતે છે.

### બેલ્જિયમના સંરક્ષણ મંત્રીએ ભારતની ટેકનોલોજીકલ ક્ષમતાની પ્રશંસા કરી

ભારત અને બેલ્જિયમ વચ્ચે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત બનાવવાની દિશામાં ગુરુવારે નવી દિલ્હીમાં બંને દેશોના સંરક્ષણ પ્રધાનોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બદલાતા વૈશ્વિક ભૂરાજકીય અને આર્થિક પરિપ્રેક્ષ્ય વચ્ચે બંને દેશોની ભાગીદારીને વધુ વિસ્તૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બેલ્જિયમના સંરક્ષણ મંત્રી થિયો ફ્રેન્કેને પોતાના દેશના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. સિંહે કહ્યું કે વર્તમાન વૈશ્વિક પડકારો વચ્ચે મિત્ર દેશો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન મહત્વપૂર્ણ છે. તેમણે સંરક્ષણ કંપનીઓ વચ્ચે સંયુક્ત પ્રોજેક્ટ અને ટેકનોલોજી સહકારની સંભાવનાઓ પર પણ ભાર મૂક્યો હતો. ફ્રેન્કેને ભારતની ટેકનોલોજીકલ ક્ષમતાઓની પ્રશંસા કરી હતી.

## ટોલ પ્લાઝા પર કેમેરા લગાવી હાઈવેની સતત દેખરેખ રાખવા સુપ્રિમનું સૂચન

નવી દિલ્હી, તા. ૦૩

હાઈવે પર વધતા અતિક્રમણ અને રસ્તાની કિનારે ગેરકાયદેસર રીતે ઊભા રહેતા વાહનોને લઈને સુપ્રીમ કોર્ટે ગુરુવારે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણને સવાલ કર્યા હતા. કોર્ટે પૂછ્યું હતું કે ટોલ પ્લાઝા પર કેમેરા લગાવીને હાઈવેની સતત દેખરેખ કેમ ન રાખી શકાય અને તેના માટે અલગથી દેખરેખ કક્ષની વ્યવસ્થા કેમ ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે હાઈવે પર અતિક્રમણ અને રસ્તાની કિનારે ખોટી રીતે પાર્ક કરાયેલા વાહનોને ગંભીર સમસ્યા ગણાવી હતી. કોર્ટે જણાવ્યું હતું કે



રસ્તાની કિનારે ઊભેલા વાહનોના કારણે અકસ્માતની શક્યતા વધી જાય છે અને અનેક વખત આવા વાહનો ગંભીર અકસ્માતોનું કારણ બને છે.રાજસ્થાનના ફલોદીમાં બનેલા એક માર્ગ અકસ્માતના કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણીઓ કરી હતી. ફલોદીમાં થયેલા આ અકસ્માતમાં ૧૫ લોકોનાં મોત થયા હતા. આ મામલે સુપ્રીમ કોર્ટને મદદ કરી રહેલા વરિષ્ઠ વકીલ એ.એન.એસ. નડકર્ણીએ પણ હાઈવે પર વાહનોનું ગેરકાયદેસર પાર્કિંગ મોટી સમસ્યા હોવાનું જણાવ્યું હતું.ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણે કોર્ટને જણાવ્યું હતું કે મંજૂરી વિના હાઈવે પર વાહનોનું પાર્કિંગ અટકાવવા માટે નિયમિત પેટ્રોલિંગના નિર્દેશ આપવામાં આવ્યા છે. સુનાવણી દરમિયાન કોર્ટે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ગૃહ મંત્રાલય તથા તમિલનાડુ સરકારને અત્યાર સુધી સોગંદનામું રજૂ ન કરવા અંગે પણ સવાલ કર્યા હતા. કોર્ટે આગામી સુનાવણી પહેલાં ત્રણેયને સોગંદનામું રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૬ ઓક્ટોબરે થશે.

## મણિપુર વિધાનસભામાં હિંસાના સરકારી આંકડા જાહેર, કુલ ૩૦૬નાં મોત, ૪૯ લોકો હજુ ગુમ

ઈમ્ફાલ, તા.૦૩

મણિપુરના ગૃહમંત્રી ગોવિંદ દાસ કોન્થુજમે ગુરુવારે વિધાનસભામાં મે ૨૦૨૩થી ચાલી રહેલી વંશીય હિંસા અંગે સરકારી આંકડા રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે ૩ મે, ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં હિંસાની વિવિધ ઘટનાઓમાં કુલ ૩૦૬ લોકોનાં મોત થયા છે, જ્યારે ૪૯ લોકો હજુ પણ ગુમ છે. વિધાનસભા સત્રના બીજા દિવસે ભાજપના ધારાસભ્ય સપમ રંજન સિંહના પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રીએ આ માહિતી આપી



હતી. મણિપુરમાં મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચેનો સંઘર્ષ ૩ મે, ૨૦૨૩ના રોજ શરૂ થયો હતો. મેઈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની માંગના વિરોધમાં યોજાયેલી 'આદિવાસી એકતા માર્ચ' બાદ પર્વતીય વિસ્તારોમાં હિંસા ફાટી નીકળી હતી. મણિપુરની વસ્તીમાં મેઈતેઈ સમુદાયનો હિસ્સો આશરે ૫૩ ટકા છે અને તેઓ મુખ્યત્વે ઈમ્ફાલ ખીણમાં વસે છે. જ્યારે નાગા અને કુકી સહિતના આદિવાસી સમુદાયો આશરે ૪૦ ટકા વસ્તી ધરાવે છે અને મુખ્યત્વે પર્વતીય જિલ્લાઓમાં રહે છે.


હિંસાની સ્થિતિને પગલે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું. તે પહેલાં તત્કાલીન મુખ્યમંત્રી એન. બિરેન સિંહે ૯ ફેબ્રુઆરીએ રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રપતિ શાસન હટાવવામાં આવ્યું અને ભાજપના નેતા વાય. ખેમચંદ સિંહના નેતૃત્વમાં નવી સરકાર રચાઈ હતી.

### વારાણસી શહેરમાં પૂરની સ્થિતિ અંગે

## પીએમ મોદીએ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે ફોન પર કરી સમીક્ષા

વારાણસી, તા.૦૩

કાશીના સાંસદ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે વારાણસીના જિલ્લા મેજિસ્ટ્રેટ સત્યેન્દ્ર કુમાર સાથે ફોન પર વાત કરી હતી અને શહેરમાં પૂરની સ્થિતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. પ્રધાનમંત્રીએ ગંગાના વધતા જળસ્તર, પૂરગ્રસ્ત વિસ્તારો તેમજ રાહત શિબિરોમાં કરવામાં આવેલી વ્યવસ્થાઓની



જાણકારી મેળવી હતી. પીએમ મોદીએ અસરગ્રસ્ત લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાહત અને બચાવ કામગીરી યધ્ધના ધોરણે હાથ ધરવા સૂચના આપી હતી. તેમણે રાહત શિબિરોમાં ખોરાક, પીવાનું પાણી અને અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં તે અંગે પણ પૂછપરછ કરી હતી. જ્યાં વધારાની રાહત સામગ્રીની જરૂરિયાત હોય ત્યાં તાત્કાલિક વ્યવસ્થા કરવા અને સામગ્રી અસરગ્રસ્તો સુધી ઝડપથી પહોંચાડવા તેમણે નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય જળ આયોગના જણાવ્યા અનુસાર, વારાણસીમાં ગંગાનું ચેતવણી સ્તર ૭૦.૨૬ મીટર છે, જ્યારે નદીનું જળસ્તર ૭૦.૨૮ મીટરે પહોંચી ગયું છે. ભયજનક સપાટી ૭૧.૨૬ મીટર છે. પાણીનું સ્તર પ્રતિ કલાક આશરે બે સેન્ટીમીટરના દરે વધી રહ્યું છે. સાવચેતીના પગલા તરીકે ગંગા તરફ જતા માર્ગો પર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અસ્સી ઘાટથી કેશવ ઘાટ સુધી બોટિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવામાન વિભાગે ૩થી ૮ સપ્ટેમ્બર દરમિયાન પૂર્વી ઉત્તર પ્રદેશમાં વરસાદની આગાહી કરી છે.

## મદ્રાસ હાઈકોર્ટનો સ્ટાલિનને ઝટકો, ૧૦૦% VVPAT ગણતરીની અરજી ફગાવી


ચેન્નાઈ, તા.૦૩

મદ્રાસ હાઈકોર્ટે કોલાથુર વિધાનસભા બેઠકના ચૂંટણી પરિણામને પડકારતી ભૂતપૂર્વ મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનની અરજી ફગાવી દીધી છે. સ્ટાલિને ૧૦૦% VVPAT સ્લિપની ગણતરી, EVM-VVPAT મશીનોની પુનઃચકાસણી અને મતગણતરીની માંગ કરી હતી. તેમણે ચૂંટણી પ્રક્રિયામાં અનિયમિતતાઓનો આક્ષેપ કર્યો હતો. ૨૦૨૬ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં કોલાથુર બેઠક પર સ્ટાલિનને TVKના ઉમેદવાર વી.એસ. બાબુએ ૮,૭૯૫ મતના માર્જિનથી હરાવ્યા હતા. સ્ટાલિન આ બેઠક પરથી સતત ત્રણ ટર્મથી ધારાસભ્ય રહ્યા હતા.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૪-૦૯-૨૦૨૬

# ડૉ. પ્રવીણભાઈ તોગડિયા ચિતલ ખાતે દેસાઈ પરિવારની શુભેચ્છા મુલાકાતે

**મનુબાપા દેસાઈના ખબરઅંતર પૂછી સારા સ્વાસ્થ્ય માટે શૂભકામના પાઠવી**

અમરેલી,તા.૦૩

આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ડૉ. પ્રવીણભાઈ તોગડિયાએ અમરેલી જિલ્લાના ચિતલ ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમણે અગ્રણી ઉદ્યોગપતિ અને અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના પૂર્વ અધ્યક્ષ મનુબાપા દેસાઈની નાદુરસ્ત તબિયતના ખબરઅંતર પૂછી વહેલી તકે સ્વસ્થ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. ચિતલ દેસાઈ કોટેક્સ ખાતે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોને સંબોધતા ડૉ. તોગડિયાએ હિન્દુ સમાજમાં ભાઈચારો, સંગઠન અને રાષ્ટ્રભાવનાને સર્વોપરી રાખવાનો સંદેશ આપ્યો હતો. તેમણે સનાતન મૂલ્યોના સંવર્ધન માટે સમાજની સામૂહિક જવાબદારી પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈ અને જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના





પ્રમુખ વિજયભાઈ દેસાઈ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિર્મલભાઈ ખુમાણ, ડો. ગજેરા, રમેશભાઈ કાથરોટિયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગિયા, ચતુરભાઈ ખુંટ, વસંતભાઈ પેથાણી, દિનેશભાઈ ભૂવા, રવિભાઈ શેખવા, રશ્મિનભાઈ ત્રિવેદી, ગોરધનભાઈ ગેડિયા, ચંદુભાઈ પોલરા, દયાળભાઈ સંઘાણી, લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, જયંતીભાઈ દેસાઈ, પીઠાભાઈ ડેર, મોતીભાઈ કાનાણી, મનુભાઈ લીબાંસિયા, વી.ડી. લીબાંસિયા, સંજયભાઈ લીંબાસિયા, સુખદેવસિંહ સરવૈયા, મનસુખભાઈ નાડોદા, રમેશભાઈ માંગરોળિયા, ઝવેરભાઈ દેસાઈ, મગનભાઈ દેસાઈ, રીધેશભાઈ નાકરાણી, કેતનભાઈ ભાલાળા, નરેશભાઈ સાકરીયા, હસુભાઈ ધાનાણી, અરવિંદભાઈ મેશિયા, નંદાભાઈ મેશિયા, શંકરભાઈ પટેલ, ચંદ્રેશભાઈ પટેલ, જે.પી. માંગરોળિયા, ઘનશ્યામભાઈ માંગરોળિયા, કરશનભાઈ ભાલાળા, જયેશભાઈ ભીમાણી, મજબૂતભાઈ બસિયા, બિપિનભાઈ દવે, મનસુખભાઈ રૈયાણી, ડો. દેસાણી, ડો. પંકજ ત્રિવેદી, હર્ષદભાઈ ત્રિવેદી, પંકજભાઈ કાનાણી, કરણભાઈ વાંઝા, ભોજરાજ વાળા, સિધ્ધાર્થ ગજેરા, મુકેશભાઈ લીંબાસિયા, જિગ્નેશભાઈ દેસાઈ, મહેશભાઈ સાકરિયા, વિનુભાઈ દેસાઈ સહિતના આગેવાનો તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્માષ્ટમીએ બગસરામાં ભરવાડ સમાજની ભવ્ય શોભાયાત્રા યોજાશે

બગસરા,તા. ૦૩

જન્માષ્ટમીના પવિત્ર અવસર નિમિત્તે બગસરા શહેરમાં ભરવાડ સમાજ દ્વારા આવતીકાલે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રા સવારે ૮ વાગ્યે ભરવાડ સમાજની વાડી ખાતેથી પ્રસ્થાન કરશે અને ગોંડલીયા ચોક, વિજય ચોક સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ આપાગીગાના મંદિર સુધી પહોંચશે. ત્યાંથી પરત ફરી શિવાજી ચોક થઈ ભરવાડ સમાજની વાડી ખાતે શોભાયાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવશે. દરમિયાન સામાજિક સંસ્થા ઓક્સિજન ગ્રુપ દ્વારા મટકી ફોડ કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. રાસ-ગરબા સાથે ઠંડા પીણાંનું વિતરણ કરી શોભાયાત્રાના વધામણા કરવામાં આવશે.

## વડિયા પોલીસે કાળા કાચવાળી ગાડીઓ પર તવાઈ બોલાવી

વડિયા,તા. ૦૩

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડિયા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કાળા કાચ, નંબર પ્લેટ વગરની તેમજ બેફામ ગતિએ દોડતી ગાડીઓ અંગે લોકોની રજૂઆતો બાદ વડિયા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ઈન્ચાર્જ પીઆઈ પી.ડી. ગોહિલે બજારમાં કાળા કાચ અને નંબર પ્લેટ વગરની ગાડીઓ સામે કડક પગલાં લઈ કેટલીક ગાડીઓ ડિટેઈન કરી દંડ ફટકાર્યો હતો. વાહનચાલકો પાસે નિયમ મુજબ નંબર પ્લેટ લગાવડાવી તેમજ કાચ પર



લગાવેલી બ્લેક ફિલ્મ ઉતરાવવામાં આવી હતી. પોલીસ દ્વારા કાયદાનું પાલન કરવાની કડક સૂચના આપવામાં આવી હતી. આ કાર્યવાહીના પગલે નિયમોનો ભંગ કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. પીઆઈ ગોહિલે ચેતવણી આપી હતી કે કાયદાનું ઉલ્લંઘન કરનાર સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## રાજુલા પોલીસે સાયબર ફ્રોડનો આરોપી ઉત્તરપ્રદેશથી ઝડપ્યો

અમરેલી,તા.૦૩

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા સાયબર ફ્રોડના અનડીટેક્ટ ગુનાનો પોલીસે ટેકનિકલ એનાલિસિસના આધારે ભેદ ઉકેલી ઉત્તર પ્રદેશના દેવરિયાથી એક આરોપીને ઝડપી લીધો છે. મોબાઈલ હેક કર્યા બાદ આરોપીએ ફરિયાદીના બેંક ખાતામાંથી અલગ-અલગ



ટ્રાન્જેક્શન દ્વારા રૂ.૯૯,૯૦૦ હેમંતકુમારના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં રકમ રોકડ ઉપાડી લેવામાં આવી હતી.

## જિલ્લામાં અપમૃત્યુના બે બનાવમાં બે લોકોના મોત

**પરપ્રાંતીય યુવકનું સર્પદંશથી મૃત્યુ**

અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવો બન્યા હતા, જેમાં એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા હતા.પ્રથમ બનાવમાં, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ બાબરામાં રહેતા અર્જુન કામતાપ્રસાદ ચમાર (ઉ.વ.૨૨) બાબરા-ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર આવેલી જી.આઈ.ડી.સી.ના લેબર રૂમમાં સૂતો હતો, ત્યારે ડાબા હાથના ખભાના ભાગે સાપ કરડી જતાં સારવાર દરમિયાન મરણ પામ્યો હતો.બીજા બનાવમાં, ખાંભાના દાઢિયાળી ગામના જગુભાઈ એભલભાઈ ભુકણ (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા પ્રમાણે, એભલભાઈ કાળુભાઈ ભુકણ (ઉ.વ. ૬૫)ને ચક્કર આવતાં પડી જવાથી માથામાં ઈજા થઈ હતી. તેમને ખાંભા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવતાં તેમનું મરણ થયું હતું.

## બનાવટી રોયલ્ટી પાસનો ઉપયોગ કરનારા ખનન માફિયા સામે તંત્રની લાલ આંખ

જાફરાબાદ, તા. ૦૩

અમરેલી જિલ્લામાં ખનન માફિયા બનાવટી રોયલ્ટી પાસને ખરા તરીકે ઉપયોગ કરીને તંત્રની આંખમાં ધૂળ નાખતા હતા. જોકે તંત્રની સતર્કતાના કારણે આ ઘટનાનો પર્દાફાશ થયો હતો.અમરેલીમાં ભુસ્તરશાસ્ત્રીની કચેરીમાં માઈન્સ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ભાર્ગવ રામભાઈ નકુમ (ઉં.વ.૨૮) એ ગીર સોમનાથના ઉના તાલુકાના નાઠેજ ગામના ધવલભાઈ મનુભાઈ સોસા તથા કાર્તિકભાઈ ધીરુભાઈ સોસા સામે ફરિયાદ નોંધાવી હતી. જાફરાબાદ મામલતદાર મુકેશકુમાર દ્વારા તા. ૨૪/૦૬/૨૦૨૬ના રોજ રાત્રિના ૧૦:૩૦ વાગ્યે ચિત્રાસર ગામે બાપા સીતારામની મઢી પાસે વાહન ચેકિંગની કામગીરી દરમિયાન ટ્રેક્ટર નં. GJ-૦૮-DP-૫૮૦૯ અને નંબર વગરની ટ્રોલી સાથે વાહન ચાલક ધવલભાઈ મનુભાઈ સોસા (રહે. નાઠેજ, તા. ઉના, જી. ગીર સોમનાથ)ને રોકી આધાર-પુરાવા માગતાં, તેણે રોયલ્ટી પાસ મોબાઈલ ફોનમાં બતાવ્યો હતો. રોયલ્ટી પાસમાં વજન આંકડામાં ૭ (Seven) MT લખેલું હોવાથી શંકા જતાં QR કોડ વેરિફાય કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આ રોયલ્ટી પાસ હકીકતમાં વાહન નં. GJ-૦૮-BF-૨૬૭૨નો હોવાનું ધ્યાને આવ્યું હતું.આમ, વાહન ચાલકે રોયલ્ટી પાસમાં એડિટિંગ કરી પોતાના મોબાઈલ ફોનમાં બનાવટી પાસ રાખી તેનો ખરા તરીકે ઉપયોગ કરી મંજૂરી વગર ખનીજનું વહન કરતા ઝડપાઈ ગયો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી. આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**જાફરાબાદના ચિત્રાસર ગામેથી વાહન ઝડપાયું**

## વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાઈ

વંડા,તા. ૦૩

વંડા સ્થિત પી.પી.એસ. હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે રસ વધે તે હેતુથી સંસ્કૃત સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સપ્તાહ દરમિયાન નિબંધ, ચિત્ર, વક્તૃત્વ, કંઠપાઠ, શ્લોક અને સ્તુતિગાન સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.



સમાપન પ્રસંગે વેદો, સૂક્તો અને સુભાષિતોને લગતા ૧૫૦થી વધુ ચિત્રોનું સુંદર પ્રદર્શન યોજાયું હતું.

વિદ્યાર્થિનીઓએ ‘અધરં મધુરં’ સ્તુતિ પર કથક નૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમનું આયોજન નીતાબેન ભટ્ટ અને ગજેરા સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં ભાગ લેનાર આશરે ૧૫૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આચાર્ય સંજયભાઈ ચૌહાણે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## બગસરા પીપળેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોધ્ધાર મહોત્સવ સંપન્ન

બગસરા,તા. ૦૩

બગસરાના પૌરાણિક પીપળેશ્વર મહાદેવ મંદિરના તૃતીય જીર્ણોધ્ધાર નિમિત્તે તા. ૨૪થી ૨૬ ઓગસ્ટ દરમિયાન ત્રિદિવસીય મહોત્સવ યોજાયો હતો.

ગુણવંતભાઈ જોશી, વિનુભાઈ ભરખડા, પ્રભુભાઈ ભરખડા, મુંબઈવાળા મુખ્ય યજમાન સુરેશભાઈ રાયઠઠા તથા



તસવીર : હાર્દિક બામટા

વિનોદભાઈ ગોરધનદાસ ભરખડા પરિવાર અને લોકફાળાના સહયોગથી મંદિરનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. શાસ્ત્રી કિશનભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા મહોત્સવમાં છ કુંડી યજ્ઞમાં આશરે ૪૦ દંપતીએ આહુતિ આપી હતી. પ્રથમ દિવસે જલયાત્રા સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બીજા દિવસે બટુક ભોજન તથા પંખીઘર સત્સંગ મંડળ દ્વારા સુંદરકાંડના પાઠ યોજાયા હતા. ત્રીજા દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સમસ્ત બ્રહ્મ સમાજ વાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. મહોત્સવને સફળ બનાવવા સમાજના વડીલો, યુવાનો, બહેનો તથા ધર્મપ્રેમી લોકોએ સેવા આપી હતી.









# ખાંભા માર્કેટીંગ યાર્ડમાં ભાજપની ચાર વેપારી બેઠકો બિનહરીફ

**તા.૦૯ના રોજ ખેડૂત પેનલની ૧૦ બેઠકો માટે ત્રિપાંખિયો જંગ**

ખાંભા,તા.૦૩

ખાંભા માર્કેટિંગ યાર્ડમાં આગામી તા. ૯ના રોજ યોજાનારી ચૂંટણી પહેલા રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી પૂર્વે ભાજપની ચાર વેપારી બેઠકો બિનહરીફ જાહેર થતાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના પ્રયાસોથી વેપારી પેનલની ચાર બેઠકો બિનહરીફ થઈ હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ભટ્ટે પણ આ પ્રક્રિયામાં સહયોગ આપ્યો હતો. બિનહરીફ થયેલા સભ્યોમાં બાબાભાઈ ખુમાણ, ઈમરાનભાઈ ડાયાતર, મહમદભાઈ સોલંકી અને યાસીફઅલી હસનાણીનો સમાવેશ થાય છે.

વેપારી પેનલની બિનહરીફ વરણી બાદ હવે ખેડૂત પેનલની ૧૦ બેઠકો માટે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેય પક્ષો દ્વારા ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. માર્કેટિંગ યાર્ડ પર કબજો મેળવવા માટે ત્રણેય પક્ષના કાર્યકરો દ્વારા પ્રચાર અને બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. તા. ૯ના રોજ મતદાન બાદ તા. ૧૦ના રોજ મતગણતરી હાથ ધરાશે.

# બાબરા પંથકમાં વરસાદ ખેંચાતાં ખેડૂત-પશુપાલકો પરેશાન:સૌની યોજનાથી તળાવો ભરવા માંગ

બાબરા,તા. ૦૩

બાબરા તાલુકાના કોટડાપીઠા, કરણુકી, ઉંટવડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતાં ખેડૂતો અને પશુપાલકો ગંભીર સંકટમાં મુકાયા છે. ચોમાસાની શરૂઆતમાં મોંઘા બિયારણ અને ખાતર પાછળ ભારે ખર્ચ કરીને વાવેતર કર્યા બાદ હવે સિંચાઈના અભાવે મગફળી, કપાસ અને સોયાબીન જેવા પાકો સુકાઈ રહ્યા છે.

કૂવા, બોર, નદી અને તળાવો ખાલી થતાં ઊભા પાક સાથે ઘાસચારાની પણ તીવ્ર અછત સર્જાઈ છે, જેની અસર તહેવારો પર પણ પડી રહી છે.

આ સ્થિતિને પહોંચી વળવા સ્થાનિક ખેડૂતો અને અગ્રણીઓએ સરકાર સમક્ષ તાકીદે રજૂઆત કરી છે કે સૌની યોજના અંતર્ગત પસાર થતી પાઈપલાઈનમાં વાલ્વ મૂકવામાં આવે. કરણુકી વીડ અને કોટડાપીઠાના ધોબીયારા તળાવ પાસે વાલ્વ મૂકીને સ્થાનિક તળાવો તેમજ સોનધુનાની નદી પર આવેલા ચેકડેમો ભરવામાં આવે, જેથી સિંચાઈ અને પશુઓ માટે પાણીની તાત્કાલિક રાહત મળી રહે.

**ઓગસ્ટમાં નહિવત વરસાદથી ઊભો મોલ સુકાયો અને ઘાસચારાની તંગી સર્જાઈ, વાલ્વ મૂકી પાણી આપવા આગેવાનોની રજૂઆત**

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

અમરેલી,તા.૦૩




શિક્ષણ અને સંસ્કાર માટે જાણીતા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં જન્માષ્ટમી પૂર્વે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રસંગે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ વાસુદેવ તથા બાલકૃષ્ણનો વેશ ધારણ કર્યો હતો. પ્રાર્થના ખંડમાં 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદ સાથે બાલકૃષ્ણને હિંડોળામાં પધરાવી સમૂહ આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ મટુકી ફોડી ચોકલેટ અને મીઠાઈનો પ્રસાદ વહેંચાયો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને રાસ રમ્યા હતો. કાર્યક્રમમાં સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાની ઉપસ્થિતિ રહી હતી.

# વડિયા પોલીસ સ્ટેશનમાં ઢોલરીયા પરિવાર તરફથી ઠંડા પાણીની સુવિધા

અમરેલી,તા.૦૩

વડિયા પોલીસ સ્ટેશન ખાતે છેલ્લા કેટલાક સમયથી ઠંડા અને ફિલ્ટર કરેલા પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી.

આ અંગેની જાણ વડિયાના પૂર્વ સરપંચ સ્વ. છગનભાઈ ઢોલરીયાના ભત્રીજા ધવલભાઈ ઢોલરીયાને થતાં તેમણે તાત્કાલિક વડિયા પોલીસ સ્ટેશનના પીઆઈ પી.ડી. ગોહિલનો સંપર્ક કર્યો હતો. ધવલભાઈએ પોતાના કાકા સ્વ. છગનભાઈ ઢોલરીયાની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ઢોલરીયા પરિવાર તરફથી પોલીસ સ્ટેશન ખાતે આરઓ ફિલ્ટર સહિત ઠંડા પીવાના પાણીના ફ્રિઝની વ્યવસ્થા



કરી આપવાની રજૂઆત કરી હતી. જેના અનુસંધાને આજે વડિયા પોલીસ સ્ટેશન ખાતે સ્વ. શામજીભાઈ ગીરધરભાઈ ઢોલરીયા તથા સ્વ. છગનભાઈ શામજીભાઈ ઢોલરીયાની સ્મૃતિમાં વજુભાઈ શામજીભાઈ ઢોલરીયા અને ધવલભાઈ વજુભાઈ ઢોલરીયા પરિવાર દ્વારા આરઓ ફિલ્ટર સહિત ઠંડા પાણીના ફ્રિઝની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

પાલીતાણા નિવાસી નરોત્તમદાસ હરજીવનદાસ શાહના સુપુત્ર રજનીકાંત તારીખ ૩૦.૦૮.૨૦૨૬ વીર સંવત ૨૦૮૨ શ્રાવણ વદ ૨ અને રવિવારના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતા પાલીતાણા મુકામે અરિહંત શરણ પામેલ છે જે ભાવનાબેનના પતિ અને રિધ્ધિબેન તથા ભક્તિબેનના પિતા તેમજ સ્વ.અમૃતલાલ જેઠાલાલ પટેલ (સાવરકુંડલા)ના જમાઈ થાય તેમજ દોશી હિંમતલાલ નાનચંદભાઈ સાવરકુંડલાના ભાણેજ થાય. તહેવારોને અનુલક્ષીને લૌકિક પ્રથા બંધ રાખવામાં આવેલ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર..
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ
"અવધ બેસન" તો રાહ શેની જુઓ છો...? આજે જ ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને સ્વાદની મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેઈલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં. ૮૨-૧, જી.આઈ.ડી.સી. અમરેલી.
સંપર્ક: મો. ૯૮૯૮૨ ૮૬૦૮૩, ૯૮૨૪૨ ૩૦૫૧૫


# સાવરકુંડલામાં મહિલા સાથે રૂ. ૧૦ લાખની છેતરપિંડી આચરનાર ટોળકી સામે ગુનો દાખલ

**SD Pay એપ્લિકેશનના નામે ઠગાઈ આચરવામાં આવી**

સાવરકુંડલા, તા. ૦૩

ટૂંકા સમયમાં મોટું વળતર આપવાની લાલચ આપી રોકાણકારો સાથે છેતરપિંડી આચરતી ગેંગનો સાવરકુંડલામાં પર્દાફાશ થયો હતો. એક મહિલા સાથે રૂ. ૧૦ લાખની ઠગાઈ આચરવા બદલ એપ્લિકેશન માલિક સહિત સુરતના શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે વનિતાબેન મનુભાઈ મારુ (ઉં.વ.૩૩) એ SD Pay/Apna Pay એપ્લિકેશનના માલિક ધવલ પટેલ, આશિષભાઈ ગેડીયા, ભાવેશભાઈ ચૌહાણ તથા એપ્લિકેશનના પ્રમોટરો, ડિરેક્ટરો, સંચાલકો, એજન્ટો અને અન્ય અજાણ્યા સહયોગીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલાને ઊંચા વળતરની લાલચ આપી આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી લોકો પાસેથી થાપણો મેળવી ગેરકાયદેસર નાણાકીય યોજના ચલાવી હતી. આરોપીઓએ ઓનલાઈન એપ્લિકેશનમાં એકાઉન્ટ ખોલાવી દર મહિને ૯ ટકા કેશબેક તેમજ અન્ય આકર્ષક લાભ આપવાની ખાતરી આપી હતી. રોકાણકારોનો વિશ્વાસ જીતવા શરૂઆતના તબક્કામાં કેટલાક લોકોને નિયમિત કેશબેક ચૂકવ્યું હતું, જેથી પ્રભાવિત થઈને મહિલા સહિત અન્ય લોકોએ લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું. મહિલા પાસેથી કુલ રૂ. ૧૦ લાખ મેળવી લીધા બાદ આરોપીઓએ એપ્લિકેશનની સેવાઓ અચાનક બંધ કરી દીધી હતી. વધુમાં, મામલો દબાવવા એપ્લિકેશનનું નામ 'SD Pay'થી બદલીને 'Apna Pay' કરી નાખ્યું હતું અને રોકાણકારોની મુદ્દલ રકમ પણ પરત કરી નહોતી. આખરે પોતાની સાથે થયેલી છેતરપિંડીનો અહેસાસ થતાં મહિલાએ આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એલ. ખટાણા વધુ તપાસ કરી રહ્યા છે.


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601


### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૨૦૬/૨૦૨૬

અરજદાર : જીવાભાઈ ઘુડાભાઈ પરમાર
સરનામુ : રે.ઘોળાદ્રી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-ઘોળાદ્રી
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ઘોળાદ્રી ગામના શ્રી જીવાભાઈ ઘુડાભાઈ પરમાર એ તેમના પુત્ર નામે શ્રી સાહિલભાઈ જીવાભાઈ પરમાર નો તા.૩૦/૦૪/૨૦૦૮ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી લીરલ બી.બાંભણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં. ૧૭૭/૨૦૨૬

અરજદારશ્રી :ખાટુભાઈ દાદાભાઈ બારૈયા
સરનામુ : રે.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી- વડલી
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વડલી ગામના શ્રી ખાટુભાઈ દાદાભાઈ બારૈયા એ તેમના પુત્રી નામે દર્પણબેન ખાટુભાઈ બારૈયા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૯ તથા પુત્રી નામે સંધ્યાબેન ખાટુભાઈ બારૈયા નો જન્મ તા.૧૮/૦૮/૨૦૨૪ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી લીરલ.બી.બાંભણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૭૬/૨૦૨૬

અરજદાર : બાંભણીયા ગોબરભાઈ ભીખાભાઈ
સરનામુ : રે.ખાલસા કંથારીયા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-ખાલસા કંથારીયા
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા ગામના શ્રી બાંભણીયા ગોબરભાઈ ભીખાભાઈ એ તેમના દાદા નામે શ્રી ઘોહાભાઈ નાગભાઈ બાંભણીયા નું તા.૨૦/૦૭/૧૯૯૮ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી લીરલ.બી.બાંભણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### જાહેર નોટીસ

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં.૨૧૧/૨૦૨૬
જન્મ તારીખ :૦૧-૦૬-૧૯૭૫

મન્સુરી અલ્લારખા જમાલભાઈ,
રહે. વિરાટનગર-કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.પી.વાઘેલા કોડીનાર .......અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, મેણ,
ગ્રામ પંચાયત કચેરી,મેણ, તા.ઉના, જિલ્લો-ગીર સોમનાથ .....સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મન્સુરી અલ્લારખા જમાલભાઈ, રહે. વિરાટનગર-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર હનીફ અલ્લારખા મન્સુરીનો જન્મ તારીખ : ૦૧-૦૬-૧૯૭૫ ના રોજ ઉના તાલુકાના મેણ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
સહી
(ડી.કે.ભીમાણી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# ખડસલી, નવી હળિયાદ અને હરસુખપુર-દેવળીયામાં ફિલ્ડ ડે અને તાલીમ કાર્યક્રમ યોજાયા

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુથી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તા. ૩૧ ઓગસ્ટે સાવરકુંડલા તાલુકાના ખડસલી અને બગસરા તાલુકાના નવી હળિયાદ ખાતે ફિલ્ડ ડે તથા કિસાન ગોષ્ઠી યોજાઈ હતી.



જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત કઠોળ અને તેલીબિયાં પાકોના વાવેતર અંગે માહિતી આપવામાં આવી હતી. આધુનિક ખેતીમાં ડિજિટલ તથા ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ અંગે પણ સમજ આપવામાં આવી હતી. તા. ૧ સપ્ટેમ્બરે લાઠી તાલુકાના હરસુખપુર-દેવળીયા ખાતે જિલ્લા કક્ષાનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આત્મા પ્રોજેક્ટના સ્ટાફે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, પાક વૈવિધ્યકરણ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# અમરેલીમાં પત્નીને બતાવવાના બહાને રૂ. ૧૨.૮૮ લાખના સોનાના દાગીના લઈ ગઠિયો રફુચક્કર

**મંગળસૂત્ર, સોનાની ચેઈન લઈ ફરાર થઈ ગયો**

અમરેલી, તા. ૦૩

અમરેલીમાં સોનીકામ કરતા એક વેપારીને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાના સોનાના દાગીના ઓળવી જવાનો કિસ્સો સામે આવ્યો છે. ઘરે પત્નીને દાગીના બતાવવાના બહાને સોનીની દુકાનેથી રૂ. ૧૨.૮૮ લાખની કિંમતના સોનાના દાગીના લઈ જઈ પરત ન કરી એક શખ્સે છેતરપિંડી આચરી હતી.આ અંગે સોનીકામ કરતા જયદીપભાઈ વિનુભાઈ ખુંટ (ઉં.વ.૩૧)એ કુમારભાઈ પંડ્યા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ૨૭ માર્ચના રોજ બપોર બાદ આશરે સાડા ચારેક વાગ્યે આરોપી અમરેલીમાં આવેલી તેમની દુકાને આવ્યો હતો. ત્યાં જઈ તેણે પોતાની પત્નીને ઘરે દાગીના બતાવવા છે તેમ કહી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો.ત્યારબાદ તે દુકાનમાંથી મંગળસૂત્ર, સોનાની ચેઈન અને પેન્ડન્ટ મળી કુલ ૮૬ ગ્રામ ૦૫૦ મિલિ વજન ધરાવતા અંદાજે રૂ. ૧૨,૮૮,૧૬૬ની કિંમતના સોનાના દાગીના લઈ ગયો હતો. લાંબો સમય વીતી જવા છતાં આરોપી દાગીના કે તેના નાણાં પરત આપવા ન આવતાં વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો, જેથી તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.ડી. કુવાડિયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં બે સ્થળેથી ૯ જુગારી ઝડપાયા

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૯ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. બંને સ્થળેથી કુલ રૂ.૨૪,૫૧૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.જાફરાબાદના દુધાળા ગામે ગાડા કેડે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા ભૂપતભાઈ ગભાભાઈ બારૈયા, પ્રેમજીભાઈ બાવભાઈ ટાંક, અનકભાઈ ચાપરાજભાઈ વરૂ, ભીમાભાઈ નારણભાઈ બારૈયા અને ધીરૂભાઈ ભાણાભાઈ બારૈયા કુલ રોકડ રૂ. ૧૧,૨૫૦ સાથે ઝડપાયા હતા.જ્યારે અમરેલીના સાવરકુંડલા રોડ પર આવેલા હિરાનગરમાંથી જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમતા જનકભાઈ ભગવાનભાઈ ધાંધુ, શાયરભાઈ ચંદુનાથ પરમાર, રણજીતનાથ નવઘણનાથ દાવાણી તથા જગદિશનાથ ભરતનાથ નાથજી રોકડ રકમ રૂ.૧૩,૨૬૦ સાથે ઝડપાયા હતા.

# જૂનાસાવરની હાઈસ્કૂલમાં શિક્ષક દિન અને જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા. ૦૩

જૂનાસાવરની ટી.કે. પારેખ હાઈસ્કૂલમાં શિક્ષક દિન અને શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની સંયુક્ત ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. પ્રાર્થના અને મંગલાચરણથી શરૂ થયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વક્તવ્યો અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત



કરી હતી. રાધા-કૃષ્ણની સુંદર વેશભૂષા, ભક્તિગીતો અને નૃત્યથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આચાર્ય આશિષકુમાર એમ. જોશી તથા શિક્ષકગણે વિદ્યાર્થીઓને ગુરુજનોના સન્માન સાથે શ્રીકૃષ્ણના જીવનમાંથી પ્રેરણા લેવા માર્ગદર્શન આપ્યું હતું. શાળાના પ્રમુખ અને સરપંચ કલ્પેશભાઈ કાનાણીએ આયોજન બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું. ચેતનભાઈ ત્રિવેદી, વિનોદરાય વાળા, સંધ્યાબેન જાદવ, પ્રકાશભાઈ રાઠોડ તથા વિદ્યાર્થીઓના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# જિલ્લામાં ૫૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૫૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો, જેમાં કેટલીક મહિલાઓ પણ સામેલ હતી. વાંકીયા-ગોખલાણા રોડ પર આવેલી સરકારી સ્કૂલની પાછળથી એક ફોર-વ્હીલર ગાડીમાંથી દોઢ લાખ રૂપિયા રોકડા અને ૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. બાબરકોટ ગામે દેશી દારૂ બનાવવાનો ૨૦ લીટર આથો ઝડપાયો હતો. આ ઉપરાંત, અમરેલીમાં બે સ્થળોએ રેઈડ દરમિયાન દેશી દારૂ બનાવવાનો ૫૦૦ લીટર આથો મળી આવ્યો હતો. ટીંબા ગામે નદીના કાંઠે ધમધમતી ત્રણ દેશી દારૂની ભઠ્ઠીઓ પર રેઈડ પાડીને વિવિધ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

આ સિવાય, જિલ્લામાં અલગ-અલગ સ્થળેથી ૧૭ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા સર્વરોગ કેમ્પ નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૦૩

ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ધારી રોડ સ્થિત ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે આગામી ૯ સપ્ટેમ્બર, બુધવારે ૨૯૪મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પ યોજાશે.

રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ અને જિલ્લા અંધત્વ નિવારણ




સમિતિના ઉપક્રમે યોજાનારા કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરો સેવા આપશે. દર્દીઓની તપાસ સાથે વિનામૂલ્યે દવા આપવામાં આવશે. જરૂરિયાતવાળા નેત્ર દર્દીઓના આધુનિક પધ્ધતિથી ઓપરેશન પણ કરવામાં આવશે. દંત રોગો તેમજ શ્વાસ, ડાયાબિટીસ, પેટ અને વા સહિતના વિવિધ રોગોની સારવાર મળશે. દર્દીઓએ આધારકાર્ડની ત્રણ ઝેરોક્ષ નકલો સાથે લાવવાની રહેશે.

# સા.કુંડલામાં જે. વી. મોદી હાઈસ્કૂલનો સંસ્કૃત સપ્તાહ મહોત્સવમાં દબદબો

અમરેલી, તા.૦૩

સાવરકુંડલાના જે. વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થી સુજલ બગડાએ તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

શિક્ષણ વિભાગ દ્વારા ૨૫થી ૩૧ ઓગસ્ટ દરમિયાન યોજાયેલા 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.



શાળા કક્ષાએ પ્રથમ આવેલા વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલી તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં સુજલ વિજેતા બન્યો હતો.

# અમરેલીના દેવભુમી દેવળીયા ગામે પૂર્વ સરપંચને ખોટા કેસમાં ફિટ કરી દેવાની ધમકી

અમરેલી, તા.૦૩

અમરેલીના દેવભુમી દેવળીયા ગામે પૂર્વ સરપંચને ખોટા કેસમાં ફિટ કરી દેવાની ધમકી આપવામાં આવી હતી. નાથાલાલ વલ્લભભાઈ સુખડીયા (ઉ.વ.૫૨)એ અરવિંદભાઈ કુરજીભાઈ ચકરાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ જાહેર જીવનના માણસ છે, સમાજમાં પ્રતિષ્ઠા સારી છે, તેમજ તેમના પત્નિ તાલુકા પંચાયત અમરેલી ખાતે સદસ્ય છે. તેમણે પોતે ભૂતકાળમાં દેવભુમી દેવળીયા ગામના સરપંચ તરીકે સેવા આપી હતી અને અગાઉ પણ આશરે ત્રણેક વર્ષ પહેલા આરોપીએ તેમની સાથે બોલાચાલી ઝગડો કર્યો હતો. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ઈરાદે ગાળો આપી, ખોટા ગુન્હામાં ફીટ કરી દેવાની ગર્ભીત ધમકી આપી હતી. તેમજ મારી નાખવાની ધમકી આપી તેનો વીડિયો બનાવી તે પોતાના ઈન્સ્ટા ગ્રામ આઈ.ડી. ઉપર અપલોડ કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ જે ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ આઠમ
તા.૦૪-૦૯-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૦,
સૂર્યાસ્ત-૦૬:૩૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૯-૨૦૨૬ શુક્રવાર

મેષઃ આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે.

વૃષભઃ આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે પરિણીત લોકો માટે આજનો દિવસ સારો રહેશે,

મિથુનઃ પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે, જેના કારણે સ્વાસ્થ્ય બગડવાની સંભાવના છે.

કર્કઃ ખૂબ જ સંવેદનશીલ અને બીજાની સંભાળ રાખનારા માનવામાં આવે છે, આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો.

સિંહઃ આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. તમારી તર્ક ક્ષમતા પણ આજે જબરદસ્ત રહેશે. જે લોકો નોકરી કરે છે, તેઓ આજે વરિષ્ઠોને પોતાની વાતથી પ્રભાવિત કરી શકે છે.

કન્યાઃ આ દિવસે તેમના જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો. આ રાશિના લોકોના પારિવારિક જીવનમાં સારા ફેરફારો જોવા મળશે.

તુલાઃ પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો.

વૃશ્ચિકઃ આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. પરંતુ સારી વાત એ છે કે આજે તમે તમારા અટકેલા કામને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો.

ધનઃ આ દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે.

મકરઃ આજે ઓનલાઇન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે.

કુંભઃ પરંતુ બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો.

મીનઃ આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે

# સા.કુંડલા ગુરુકુળમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા તા.૦૩

સાવરકુંડલા ખાતે સ્વામિનારાયણ ગુરુકુળમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમી પર્વની ભક્તિભાવ અને ઉત્સાહભેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી તથા મેનેજિંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી ઉપસ્થિત



રહ્યા હતા. સંતોએ આશીર્વચન આપતાં વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનું જતન કરવા તેમજ ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાંથી સત્ય, ધર્મ, કર્તવ્ય અને ભક્તિના ગુણો અપનાવવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ રાધા-કૃષ્ણ અને ગોપ-ગોપીઓના વેશમાં મનમોહક રાસલીલા રજૂ કરી હતી. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ દ્વારા મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતી બાદ ભાવિકો અને વિદ્યાર્થીઓને પ્રસાદનું વિતરણ કરાયું હતું.

# વરસાદ ખેંચાતા અમરેલીના ખેડૂતોને આકસ્મિક પાક આયોજનની સલાહ

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં ખરીફ ઋતુ દરમિયાન વરસાદ ખેંચાતા ખેતી પાકોના ઉત્પાદન પર અસર ન થાય તે માટે ખેતીવાડી વિભાગે ખેડૂતોને આકસ્મિક પાક આયોજન અંતર્ગત જરૂરી પગલાં લેવા અપીલ કરી છે. જિલ્લામાં ૫,૬૭,૬૬૯ હેક્ટરમાં વાવેતર થયું છે. અત્યાર સુધીમાં સરેરાશ ૬૯૬ મી.મી. સામે ૫૧૪ મી.મી. એટલે કે ૭૩.૮૯ ટકા વરસાદ નોંધાયો છે. પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોને એકાંતર ચાસે પિયત આપવા તથા ડ્રીપ અને ફુવારા પધ્ધતિનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. જમીનમાં ભેજ જળવાઈ રહે તે માટે આંતરખેડ, સમયસર નિંદામણ અને મલ્ચિંગ કરવાની સલાહ આપવામાં આવી છે. કપાસમાં ચુસીયા જીવાતના નિયંત્રણ માટે ભલામણ મુજબ કુદરતી જંતુનાશક અથવા લીંબોળીના તેલનો છંટકાવ કરવા જણાવાયું છે. વધુ માર્ગદર્શન માટે ખેડૂતો ગ્રામસેવક અથવા કિસાન કોલ સેન્ટર ૧૮૦૦-૧૮૦-૧૫૫૧નો સંપર્ક કરી શકે છે.

# મકાનમાં હિસ્સો ન મળતા લીલીયાના યુવકે ઝેરી દવા ગટગટાવી, હાલત ગંભીર

લીલીયા, તા.૦૩

સાવરકુંડલા સ્થિત પૈતૃક મકાનમાં હિસ્સો આપવાનો ફોઈના દીકરાઓએ સ્પષ્ટ ઈનકાર કરી દેતાં લીલીયા ખાતે રહેતા યુવકે ઝેરી ગોળીઓ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની ચકચારી ઘટના સામે આવી હતી.

ગંભીર હાલતમાં યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.મળતી વિગતો અનુસાર, લીલીયા ખાતે રહેતા ભોગ બનનાર યુવકનું એક જૂનું મકાન સાવરકુંડલા ખાતે આવેલું છે, જેમાં હાલ તેમના ફોઈના દીકરાઓ વસવાટ કરે છે. યુવકે આ મકાનમાંથી પોતાનો કાયદેસરનો હક-હિસ્સો માંગ્યો હતો. જોકે, ફોઈના દીકરાઓએ મકાનમાંથી કોઈપણ પ્રકારનો ભાગ આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. પોતાના જ સંબંધીઓએ હિસ્સો આપવાનો ઈનકાર કરતાં યુવકને મનમાં ભારે આઘાત લાગ્યો હતો. સતત માનસિક તાણ અને વિચારવાયુમાં સપડાયેલા યુવકે આખરે લીલીયા સ્થિત પોતાના ઘરે અનાજમાં નાખવાની ઝેરી ટીકડીઓ ખાઈ લીધી હતી. બનાવની જાણ થતાં જ પરિવારજનો દોડી આવ્યા હતા અને યુવકને તાકીદે સારવાર માટે હોસ્પિટલે પહોંચાડ્યો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સા.કુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં ફાયર સેફટી ડેમો કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા તા. ૦૩

સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં આપત્તિજનક પરિસ્થિતિમાં સલામતી અને સાવચેતી અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવાના હેતુથી ફાયર સેફ્ટી ડેમોન્સ્ટ્રેશન યોજાયું હતું. કાર્યક્રમ દરમિયાન આગ લાગે ત્યારે ગભરાયા વિના સુરક્ષિત રહેવાની રીતો તથા જરૂરી સાવચેતી અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ફાયર સેફટીના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પ્રાયોગિક માર્ગદર્શન પણ અપાયું હતું.



નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટી મંડળના પ્રોત્સાહનથી અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જીતુભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષક સાવજ નીતિનભાઈ તથા કોમ્પ્યુટર ઓપરેટર જયંતીભાઈએ સહયોગ આપ્યો હતો.

તંત્રી લેખ

# અન્ન પાછળ ઝેરનું જોખમ, સજાગ થવાનો સમય

ખેતીમાં પાકને જીવાતોથી બચાવવા અને સારી ઉપજ મેળવવા માટે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, જંતુનાશક દવા મૂળભૂત રીતે ઝેરી પદાર્થ હોવાથી તેનો બેદરકારીપૂર્વક ઉપયોગ ખેડૂતના આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. દવા શ્વાસ દ્વારા શરીરમાં જાય, ચામડી પર પડે, આંખમાં જાય અથવા ખોરાક-પાણીમાં ભળે તો ઝેરી અસર થઈ શકે છે. જંતુનાશક દવાના વધુ પડતા અથવા અસુરક્ષિત સંપર્કથી ઉલટી, ચક્કર, માથાનો દુખાવો, આંખોમાં બળતરા, વધારે પરસેવો અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ થઈ શકે છે. ગંભીર સ્થિતિમાં વ્યક્તિ બેભાન પણ થઈ શકે છે. લાંબા સમય સુધી વારંવાર સંપર્કમાં રહેવાથી ચામડી, આંખો, ફેફસાં, મગજ અને ચેતાતંત્ર સહિત શરીરના વિવિધ અંગો પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા રહે છે. કેટલીક દવાઓના લાંબા ગાળાના સંપર્કને ગંભીર આરોગ્ય જોખમો સાથે પણ જોડવામાં આવ્યા છે. ખેડૂતો, ખેતમજૂરો, દવા ભેળવતા લોકો અને છંટકાવ કરતા કામદારો જંતુનાશકના સંપર્કમાં સૌથી વધુ આવે છે. તેથી દવા છાંટતી વખતે હાથમોજાં, આંખોના રક્ષણ માટે ચશ્માં, શરીર ઢાંકતાં કપડાં અને યોગ્ય રક્ષણાત્મક સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે. માત્ર સૂકો રૂમાલ બાંધી લેવાથી પૂરતું રક્ષણ મળતું નથી. દવા છાંટતી વખતે પવનની દિશાનું પણ ધ્યાન રાખવું જોઈએ. જંતુનાશક દવાઓનો સંગ્રહ પણ એટલો જ મહત્વનો છે. દવા ખોરાક કે પાણીની નજીક અથવા બાળકોની પહોંચમાં રાખવી નહીં. દવાના ખાલી ડબ્બા કે બોટલનો ફરીથી પાણી, અનાજ અથવા ઘરવપરાશની અન્ય વસ્તુઓ માટે ઉપયોગ ન કરવો જોઈએ. દવાની અસર થઈ હોવાની શંકા હોય તો વિલંબ કર્યા વગર તબીબી સારવાર લેવી જોઈએ અને શક્ય હોય તો જે દવાનો સંપર્ક થયો હોય તેનું પેકેટ અથવા નામ તબીબને બતાવવું જોઈએ. જીવાત નિયંત્રણ માટે માત્ર રાસાયણિક દવાઓ પર આધાર રાખવાને બદલે સંકલિત જીવાત વ્યવસ્થાપન અપનાવવું વધુ યોગ્ય છે. સૌપ્રથમ ખેતરમાં આવેલી જીવાતની યોગ્ય ઓળખ કરવી જોઈએ. દરેક જીવાત પાક માટે નુકસાનકારક હોતી નથી અને ઘણી ઉપયોગી જીવાતો પણ ખેતરમાં જોવા મળે છે. તેથી ઓળખ કર્યા વગર દવાનો છંટકાવ કરવો યોગ્ય નથી. રાસાયણિક દવાનો ઉપયોગ જરૂરી બને ત્યારે પણ ભલામણ કરેલી માત્રા અને યોગ્ય પધ્ધતિનું પાલન કરવું જોઈએ. વધુ પડતી દવાના ઉપયોગથી જીવાતોમાં દવા સામે પ્રતિકારક શક્તિ વિકસવાની શક્યતા રહે છે. ઉપરાંત, અતિશય રાસાયણિક દવાઓ જમીન, પાણી અને હવાના પ્રદૂષણનું કારણ બની શકે છે. શક્ય હોય ત્યાં સુધી કુદરતી અને વનસ્પતિ આધારિત ઉપાયોનો ઉપયોગ વધારવો જોઈએ. લીમડો અને કરંજ જેવા છોડ આધારિત કેટલાક ઉપાયો જીવાત નિયંત્રણમાં ઉપયોગી બની શકે છે, પરંતુ તેનો ઉપયોગ પણ કૃષિ નિષ્ણાતની સલાહ અને જરૂરી સાવચેતી સાથે જ કરવો જોઈએ. ખેડૂત માત્ર પાક ઉગાડતો નથી, પરંતુ સમગ્ર સમાજ માટે અન્નનું ઉત્પાદન કરે છે. તેથી ખેડૂતનું આરોગ્ય અને અન્નની સુરક્ષા બંને મહત્વપૂર્ણ છે. જંતુનાશક દવાનો સમજદારીપૂર્વક ઉપયોગ, યોગ્ય સુરક્ષા સાધનો, દવાના પેકેટ પરની સૂચનાઓનું પાલન, સુરક્ષિત સંગ્રહ અને ખાલી ડબ્બાનો યોગ્ય નિકાલ જરૂરી છે.

# વર્તમાન સમયમાં માનવીને ભગવાન શ્રીકૃષ્ણનો અમર સંદેશ , તું કર્મ કર, ફળ હું આપીશ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આજનું જીવન ખૂબ જ ઝડપી અને તણાવભર્યું બની ગયું છે. દરેક વ્યક્તિ ભવિષ્યની ચિંતા, સફળતાની દોડ અને પરિણામની અપેક્ષામાં જીવતો જોવા મળે છે. આવી સ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશ આપણને જીવનની સાચી દિશા બતાવે છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે કર્મને મહત્ત્વ આપતાં સમજાવ્યું છે કે વ્યક્તિએ પોતાના કર્મ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને પરિણામની અતિશય ચિંતા કરવી જોઈએ નહીં. આપણે ઘણી વખત પરિણામની ચિંતામાં વર્તમાન ક્ષણ ગુમાવી દઈએ છીએ. ગીતાનો સાર એ જ છે કે નિષ્ઠાપૂર્વક કર્મ કરતા રહેવું અને ફળની ચિંતા ઈશ્વર પર છોડી દેવી. કર્મયોગને ભગવદ્ ગીતાના મુખ્ય ઉપદેશોમાંનું એક માનવામાં આવે છે. કર્મયોગનો અર્થ પોતાના કર્તવ્યનું પાલન કરવું અને કર્મના પરિણામ પ્રત્યે આસક્ત ન થવું એવો થાય છે. શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યું હતું કે પોતાના ધર્મ અને કર્તવ્યથી પીછેહઠ કરવી યોગ્ય નથી. યુદ્ધ કરવું અર્જુનનું કર્તવ્ય હતું અને તેથી યોગમાં સ્થિર રહીને તેને પોતાનું કર્તવ્ય નિભાવવું જોઈએ. ભગવદ્ ગીતામાં એવો પણ સંદેશ આપવામાં આવ્યો છે કે કોઈપણ જીવ એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ અને સ્વભાવ અનુસાર કર્મ કરે છે. તેથી કર્મથી ભાગી જવાને બદલે તેને યોગ્ય ભાવનાથી કરવું એ જ જીવનની સાચી રીત છે. કર્મયોગ મુખ્યત્વે ત્રણ ભાવનાઓ પર આધારિત છે. પ્રથમ છે **નિષ્કામ ભાવ**, એટલે કે ફળની અતિશય અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવું. બીજી છે **કર્તવ્યનિષ્ઠા**, એટલે પોતાનું કામ સંપૂર્ણ નિષ્ઠા, ઈમાનદારી અને જવાબદારી સાથે કરવું. ત્રીજી છે **યજ્ઞભાવ**, એટલે પોતાના કર્મને ઈશ્વરને અર્પણ કરવાની ભાવના રાખવી. શ્રીકૃષ્ણનો સંદેશ એવો છે કે સંસારથી ભાગી જવા કરતાં સંસારમાં રહીને કર્તવ્યનું પાલન કરવું વધુ શ્રેષ્ઠ છે. ભગવદ્ ગીતા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ માનવજીવન માટે માર્ગદર્શક ગ્રંથ તરીકે પણ તેનું વિશેષ મહત્વ છે. તેમાં જીવનને સમજવા માટે કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ જેવા માર્ગો દર્શાવવામાં આવ્યા છે. કર્મયોગમાં વ્યક્તિ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે અને પરિણામની અતિશય ચિંતા કરતી નથી. ભક્તિયોગમાં વ્યક્તિ ઈશ્વર પ્રત્યે પ્રેમ, શ્રધ્ધા અને સંપૂર્ણ સમર્પણની ભાવના રાખે છે. જ્યારે જ્ઞાનયોગમાં વ્યક્તિ 'હું કોણ છું?', 'આત્માનું સ્વરૂપ શું છે?' જેવા પ્રશ્નોના જવાબ શોધવાનો પ્રયાસ કરે છે. આ ત્રણેય માર્ગ આજના જીવનમાં પણ એટલા જ ઉપયોગી છે. કામ કરતી વખતે પરિણામની ચિંતા છોડીને પોતાની પ્રક્રિયા અને મહેનત પર ધ્યાન આપવું



કર્મયોગ છે. ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા અને સમર્પણ રાખવું ભક્તિયોગ છે, જ્યારે આત્મચિંતન અને આત્મજ્ઞાન મેળવવાનો પ્રયાસ જ્ઞાનયોગ છે. શ્રીકૃષ્ણને ભગવાન વિષ્ણુના આઠમા અવતાર તરીકે માનવામાં આવે છે. તેમનો જન્મ મથુરામાં દેવકી અને વસુદેવને ત્યાં થયો હતો. તેમનું બાળપણ સંઘર્ષોથી ભરેલું હતું. કંસના અત્યાચારથી બચાવવા માટે વસુદેવ તેમને ગોકુળ લઈ ગયા, જ્યાં તેમનું લાલન-પાલન થયું. ગોકુળમાં શ્રીકૃષ્ણે ગોપ-ગોપીઓ સાથે પ્રેમ અને આનંદભર્યું જીવન વિતાવ્યું. તેમનું જીવન માત્ર યુધ્ધ અને રાજકારણ પૂરતું સીમિત નહોતું. તેમણે પ્રેમ, કરુણા, શાંતિ, સત્ય અને ધર્મનો પણ સંદેશ આપ્યો હતો. અધર્મ સામે સંઘર્ષ કરવો અને ધર્મની સ્થાપના માટે પ્રયત્ન કરવો તેમના જીવનનો મહત્વપૂર્ણ સંદેશ રહ્યો છે. શ્રીકૃષ્ણનું જીવન આપણને શીખવે છે કે મુશ્કેલીઓ આવે ત્યારે ગભરાઈ જવું નહીં, પરંતુ ધૈર્યપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ. પ્રેમથી જીવવું, કર્તવ્યનિષ્ઠ રહેવું અને સત્ય તથા ધર્મના માર્ગે ચાલવું એ તેમના જીવનનો મુખ્ય સંદેશ છે. જન્માષ્ટમી ભગવાન શ્રીકૃષ્ણના જન્મનો પવિત્ર તહેવાર છે. હિંદુ પંચાંગ અનુસાર શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ભાદરવા વદ આઠમના દિવસે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં જન્માષ્ટમીના પર્વ સાથે સાતમ-આઠમની પરંપરા પણ જોડાયેલી છે. આ દિવસે ભક્તો ઉપવાસ અને પૂજા-અર્ચના કરે છે. મધરાતે શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે. મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિને પંચામૃતથી અભિષેક કરવામાં આવે છે અને માખણ-મિશ્રી સહિત વિવિધ પ્રસાદનો ભોગ ધરાવવામાં આવે છે. ઘરો તથા મંદિરોમાં બાળકૃષ્ણને ઝૂલામાં ઝુલાવવામાં આવે છે અને ભજન-કીર્તન તથા ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ગુજરાતમાં દ્વારકા અને ડાકોર સહિતના ધાર્મિક સ્થળોએ જન્માષ્ટમીની વિશેષ ઉજવણી થાય છે. આ તહેવાર માત્ર ધાર્મિક આસ્થા સાથે જોડાયેલો નથી, પરંતુ સમાજમાં એકતા, ભાઈચારો, આનંદ અને સંસ્કૃતિની ભાવનાને પણ મજબૂત બનાવે છે. આધુનિક જીવનમાં તણાવ, સ્પર્ધા અને અનિશ્ચિતતા વધી રહી છે. આવી સ્થિતિમાં ગીતાનો કર્મયોગ વધુ પ્રાસંગિક બની જાય છે. જો વ્યક્તિ પોતાના હાથમાં રહેલા કર્મ પર ધ્યાન આપે અને પરિણામની અતિશય ચિંતા ન કરે તો માનસિક તણાવ ઘટાડવામાં મદદ મળી શકે છે. કર્મયોગનો અર્થ આળસ કરવો કે પરિણામને સંપૂર્ણપણે અવગણવો નથી. તેનો સાચો અર્થ એ છે કે પરિણામ માટે જરૂરી આયોજન અને પ્રયત્ન કર્યા બાદ સતત ચિંતા કરતાં પોતાની ફરજ પર ધ્યાન કેન્દ્રિત કરવું. સફળતા મળે તો અહંકાર ન કરવો અને નિષ્ફળતા મળે તો નિરાશ ન થવું—આ ભાવના કર્મયોગના મૂળમાં છે. રોજિંદા જીવનમાં તેનો અમલ કરવા માટે વ્યક્તિ સવારે થોડો સમય ધ્યાન અથવા શાંત ચિંતન માટે ફાળવી શકે છે. શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મનને સ્થિર રાખવામાં મદદ મળી શકે છે. નકારાત્મક વિચારો આવે ત્યારે તેમાં અટવાઈ જવાને બદલે તેમને ઓળખીને આગળ વધવાની ટેવ કેળવવી જોઈએ. કામ કરતી વખતે ભવિષ્યના પરિણામની સતત ચિંતા કરવાને બદલે વર્તમાન કાર્યને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. અનિશ્ચિતતાને સ્વીકારીને પરિસ્થિતિ પ્રમાણે આગળ વધવું પણ જીવનનો મહત્વપૂર્ણ પાઠ છે. જન્માષ્ટમી માત્ર શ્રીકૃષ્ણના જન્મની ઉજવણી નથી, પરંતુ તેમના જીવન અને ઉપદેશોને યાદ કરવાનો પણ પવિત્ર અવસર છે. શ્રીકૃષ્ણે આપેલો કર્મયોગનો સંદેશ સમય, પરિસ્થિતિ અને યુગ બદલાય છતાં પ્રાસંગિક રહે છે. આજના સમયમાં પણ જો વ્યક્તિ નિષ્ઠાપૂર્વક પોતાનું કર્તવ્ય કરે, ઈશ્વરમાં શ્રધ્ધા રાખે, પરિણામની અતિશય ચિંતા છોડે અને સત્ય તથા ધર્મના માર્ગે ચાલે તો જીવનમાં આંતરિક શાંતિ અને સંતુલન મેળવી શકે છે. શ્રીકૃષ્ણનો સંદેશ આપણને યાદ અપાવે છે કે જીવનમાં દરેક પરિસ્થિતિ આપણા નિયંત્રણમાં નથી, પરંતુ આપણી મહેનત, વલણ અને કર્તવ્યનિષ્ઠા આપણા હાથમાં છે. તેથી ભવિષ્યની અનાવશ્યક ચિંતા છોડીને વર્તમાનમાં શ્રેષ્ઠ કર્મ કરવું એ જ કર્મયોગનો સાચો માર્ગ છે. જન્માષ્ટમીનો પવિત્ર પર્વ આપણને પ્રેમ, ભક્તિ, સત્ય, ધર્મ અને કર્તવ્યનિષ્ઠાનો સંદેશ આપે છે. શ્રીકૃષ્ણના ઉપદેશને જીવનમાં ઉતારીને આપણે તણાવપૂર્ણ જીવનમાં પણ શાંતિ, સંતુલન અને સકારાત્મકતા તરફ આગળ વધી શકીએ છીએ.

**ભગવદ્ ગીતાનો ઉપદેશ આજના સમયમાં અતિ ઉપયોગી છે, જીવન જીવવાની તે ગોલ્ડન કી છે, જેના થકી માનવી મહામાનવ બની શકે તેમ છે, ભક્તિ થકી ભગવાન મળે છે તે હકીકત છે, માત્ર શ્રધ્ધા હોવી જોઈએ.**

# નો કોસ્ટ EMIના નામે ગ્રાહકોને મળી શકે છે વધારાનો ખર્ચ

**તહેવારોની સીઝનમાં EMI ઓફર લેતા પહેલાં પ્રોસેસિંગ ફી, GST અને ડિસ્કાઉન્ટની ગણતરી કરવી**

મુંબઈ,તા.૦૩

તહેવારોની સીઝન અને સેલ દરમિયાન ઓનલાઈન તેમજ ઓફલાઈન સ્ટોર્સમાં નો કોસ્ટ EMIની જાહેરાતો જોવા મળે છે. મોંઘા સ્માર્ટફોન, લેપટોપ કે હોમ એપ્લાયન્સિસ હપ્તામાં ખરીદવાની આ રીત ગ્રાહકોને આકર્ષે છે, પરંતુ વાસ્તવમાં નો કોસ્ટ EMI સંપૂર્ણપણે મફત હોતી નથી.






નો કોસ્ટ EMIમાં બેંક ગ્રાહક પાસેથી વ્યાજ વસૂલે છે, જ્યારે વેપારી ઉત્પાદનની કિંમત પર એટલા જ પ્રમાણમાં ડિસ્કાઉન્ટ આપે છે. તેથી ગ્રાહકને રોકડ ખરીદી વખતે મળતું ડિસ્કાઉન્ટ ગુમાવવું પડી શકે છે. આ ઉપરાંત બેંક અથવા NBFC દ્વારા પ્રોસેસિંગ ફી પણ વસૂલવામાં આવી શકે છે. વ્યાજ અને પ્રોસેસિંગ ફી પર લાગતો GST પણ ગ્રાહકના ખર્ચમાં વધારો કરે છે. આથી EMI પસંદ કરતા પહેલાં કુલ ચુકવણી, પ્રોસેસિંગ ફી, GST અને મળતા ડિસ્કાઉન્ટની સરખામણી કરવી જરૂરી છે. માત્ર 'નો કોસ્ટ' નામ જોઈને ખરીદી કરવાનો નિર્ણય ન લેવો જોઈએ.

# શેરબજારમાં તેજી, સેન્સેક્સ ૩૦૦ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટીમાં ૧૦૦ પોઈન્ટથી વધુનો વધારો

મુંબઈ, તા.૩

ભારતીય શેરબજારમાં આજે ૩ સપ્ટેમ્બરના રોજ તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ લગભગ ૩૦૦ પોઈન્ટના વધારા સાથે ૭૬,૯૦૦ની સપાટીએ કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ ૧૦૦ પોઈન્ટથી વધુનો વધારો નોંધાયો છે અને તે ૨૪,૦૦૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. બજારમાં ખાસ કરીને બેન્કિંગ, મેટલ અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં રોકાણકારોની સારી ખરીદી જોવા મળી રહી છે. જેના કારણે બંને મુખ્ય સૂચકાંકોમાં મજબૂતી



જોવા મળી રહી છે. જોકે, આ પહેલા ગઈકાલે એટલે કે ૨ સપ્ટેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ ૩૭૪ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૫૭૦ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી પણ ૧૪૧ પોઈન્ટ ઘટીને ૨૩,૯૧૪ના સ્તરે બંધ રહ્યો હતો.

# ડોલર સામે રૂપિયો ૪૭ પૈસા મજબૂત થઈ રૂ.૯૪.૨૬ના સ્તરે પહોંચ્યો

**ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાશ જેવા પરિબળોને કારણે રૂપિયાને મજબૂતી મળી**

મુંબઈ,તા.૦૩

ફોરેક્સ માર્કેટમાં ગુરુવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભારતીય રૂપિયામાં શાનદાર રિકવરી જોવા મળી છે. શરૂઆતના કારોબારમાં જ અમેરિકી ડોલર સામે રૂપિયો ૪૭ પૈસા મજબૂત થઈને ૯૪.૨૬ના સ્તરે પહોંચી ગયો હતો. ભારતીય ચલણમાં



મજબૂતીનો આ સતત બીજો દિવસ છે. અગાઉ બુધવારે પણ રૂપિયો ૨૨ પૈસા સુધરીને ૯૪.૭૩ના સ્તરે બંધ થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સક્રિયતા, એનઆરઆઈ ડિપોઝિટ્સમાં વધારો, શેરબજારમાં વિદેશી રોકાણકારોની લેવાલી અને ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાશ જેવા પરિબળોને કારણે રૂપિયાને મજબૂતી મળી છે.

# PPFમાં રોકાણનો સમય મહત્વનો, એપ્રિલની ૫ તારીખ પહેલાં જમા કરાવવાથી વધુ વ્યાજનો લાભ

મુંબઈ,તા.૦૩


PPF એટલે કે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ સુરક્ષિત અને ગેરંટીડ રિટર્ન આપતા રોકાણ વિકલ્પોમાંથી એક છે. જો રોકાણકાર દર વર્ષે PPFમાં રૂ.૧.૫ લાખ જમા કરે છે, તો રકમ ક્યારે જમા કરવામાં આવે છે તેની અંતિમ કોર્પસ પર અસર પડે છે. હાલમાં PPF પર ૭.૧ ટકા વાર્ષિક વ્યાજ મળે છે અને વ્યાજની ગણતરી ચક્રવૃધ્ધિ ધોરણે થાય છે.

PPFના નિયમ મુજબ, દર મહિનાનું વ્યાજ મહિનાની




૫ તારીખથી લઈને મહિનાના અંત સુધી ખાતામાં રહેલી સૌથી ઓછી રકમના આધારે ગણવામાં આવે છે. તેથી ૫ તારીખ પછી જમા કરાયેલી રકમ પર તે મહિના માટે વ્યાજ મળતું નથી. આખા નાણાકીય વર્ષનો મહત્તમ લાભ મેળવવા માટે એપ્રિલની ૫ તારીખ પહેલાં સંપૂર્ણ રકમ જમા કરાવવી વધુ ફાયદાકારક બની શકે છે.

## શબ્દ સંજોગ-૨૨૫૯



**આડી ચાવી :**
(૧) ડાળમાંથી ફૂટેલી નાની ડાળી(૩)
(૩) પિતૃઓ નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો (૨)
(૫) ધારો,વહીવટ (૨)
(૭) ટોળું, મંડળ (૨)
(૮) સ્તબ્ધ,દિગ્મૂઢ (૩)
(૯) બૂમ, હોકારો (૨)
(૧૦) મેથીની જાતનું ઘાસ (૩)
(૧૨) કઠણ, નિર્દય (૩)
(૧૪) નામઠામવાળું પત્તું(૩)
(૧૭) કમળ (૩)
(૧૯) એક ફળ (આ-અ) (૫)
(૨૨) રુવાટું, શરીર ઉપરના વાળ(૨)
(૨૩) વેપાર, ધંધો(૩)
(૨૪) દિવસ(૨)
(૨૫) માલિસ, રગડવું તે (૩)
(૨૯) બાળ ભાષામાં પાણી (૧)
(૩૦) એક કહેવત (૮)

**ઉભી ચાવી :**
(૧) એક ધાન્ય(૩)
(૨) ખંજવાળ, વલૂર (૩)
(૩) ગોળો, શરીર (૨)
(૪) નરમ નહીં તેવું (આ-અ) (૩)
(૫) ઘા (૩)
(૬) શ્રમ, થાકવું તે(૨)
(૧૧) મહાવિદ્યાલયને અંગ્રેજીમાં કહેવાય(૩)
(૧૩) માણસ કેટકેટલી..... ખાય છે, છતાંય સુધરતો નથી (૩)
(૧૫) એક કંદ(૩)
(૧૬) નાણાં વાપરવા બદલ મૂળ રકમ ઉપર આપવો પડતો વધારો(૨)
(૧૭) એક તંતુ વાદ્ય(૩)
(૧૮) રોમનું કે તેને લગતું (૩)
(૨૦) "...... ના જામ છલકાવીને ચાલ્યાં ક્યાં તમે ?" (૩)
(૨૧) લોકલાજની પરવા વિનાનું(૩)
(૨૧) શ્રેણી, કોટિ(૨)
(૨૬) ગામનું રક્ષણ કરવાના બદલામાં કાઢી આપેલી જમીન (૩)
(૨૭) હારી ગયેલું (૨)
(૨૮) ભારત દેશની એક નદી (૨)

## શબ્દ સંજોગ-૨૨૫૮ જવાબ

**આડી ચાવી:** (૧) ટશર (૪) અંગ (૬) સમા (૮) તાવીજ (૧૦) પગપાળા (૧૨)શાબ્દી (૧૩) મમ (૧૪) વાટ (૧૫) વરૂ(૧૬) કક્ષ (૧૮) નીલ (૨૦) ખમણ (૨૨) કાક (૨૩) પલ (૨૫) ત્રિકાલ (૨૬) અકોટ (૨૭) કસ (૨૯) છાત્ર (૩૦) રવો (૩૧) રમણ (૩૨) ભાલ **ઉભી ચાવી:** (૨) શતાબ્દી (૩) રવી (૫) ગપ (૬) સપાટ (૭) માળા (૯) જમરૂખ (૧૧) ગવાક્ષ (૧૨) શાકિની (૧૬) કણ (૧૭) એકલ દોકલ (૧૯) લપકો (૨૧) મર્કટ (૨૨) કાકા (૨૪) લટક (૨૫) ત્રિનેત્ર (૨૬) અશ્કર (૨૮) સર (૨૯) છાણ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સા.કુંડલામાં ખોડલધામ સમિતિ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલામાં મહિલા ખોડલધામ સમિતિ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શિવાજીનગરની પટેલ વાડી ખાતે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ મનાવવામાં આવ્યો હતો. પ્રસંગે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. મહિલાઓ દ્વારા







સ્ટેજ પર વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા તેમજ નાટક પણ ભજવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય અને આનંદમય વાતાવરણ જોવા મળ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં પટેલ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાવરકુંડલા ખોડલધામના કન્વીનર અને નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાના માર્ગદર્શન નીચે આયોજન કરાયું હતુ. આ તકે, ખોડલધામના ટ્રસ્ટી રમેશભાઈ કાથરોટીયા, દેવચંદભાઈ કપોપરા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, દયાળભાઈ સંઘાણી, રીધેશભાઈ નાકરાણી, ગણપતભાઈ સેંજલીયા, રાજેશભાઈ ગઢીયા, હિરેનભાઈ વેકરીયા, કરશનભાઈ ડોબરીયા, બાબુભાઈ માંગરોળીયા, ઘનશ્યામભાઈ જીયાણી, ડી.કે.પટેલ, નિકુંજભાઈ જીયાણી,દીપકભાઈ બોઘરા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા.

**મહિલાઓ દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે નાટક પણ રજૂ કરવામાં આવ્યું**

## અમરેલીની ગૌશાળામાં ઘાસ સંગ્રહ ગોડાઉનનું ભૂમિપૂજન

અમરેલી,તા.૦૩



પાંજરાપોળ ગૌશાળામાં ૧,૦૦૦થી વધુ પશુધનની સેવા માટે ઘાસ સંગ્રહ ગોડાઉનનું ભૂમિપૂજન ટ્રસ્ટી અતુલભાઈ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. રૂ.૩૦ લાખના અંદાજિત ખર્ચે બનનાર ગોડાઉન માટે પાંજરાપોળ અને ગૌચર વિકાસ બોર્ડ, ગુજરાત તરફથી રૂ.૪ લાખની ગ્રાન્ટ તથા અતુલભાઈ મહેતા તરફથી રૂ.૫૧ હજારનું અનુદાન આપવામાં આવ્યું છે. બાકીની રકમ માટે જીવદયા પ્રેમીઓને સહયોગની અપીલ કરાઈ હતી.

## અમરેલીના સિનિયર સિટીઝન પાર્ક ખાતે RSS દ્વારા પુસ્તક મેળો ખુલ્લો મુકાયો

અમરેલી,તા.૦૩

અમરેલીના સિનિયર સિટીઝન પાર્ક ખાતે આરએસએસ દ્વારા પુસ્તક મેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પુસ્તક મેળામાં દેશપ્રેમ, રાષ્ટ્રભાવના તેમજ મહાનુભાવોના જીવનચરિત્ર સહિત વિવિધ વિષયો પરનાં પુસ્તકો ઉપલબ્ધ રાખવામાં આવ્યાં હતાં. વાંચનપ્રેમીઓ માટે આ પુસ્તક મેળો જ્ઞાન અને




પ્રેરણાનો રસથાળ બની રહ્યો છે. વધુમાં વધુ લોકો પુસ્તક મેળાની મુલાકાત લઈ તેનો લાભ લે તેવી અપીલ આરએસએસ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉમેશભાઈ જોષી, સુરેશભાઈ દેસાઈ, ઘનશ્યામભાઈ ગેડીયા, હર્ષભાઈ પાડલીયા, ધાર્મિકભાઈ મારૂ, ડો. જી.જે. ગજેરા, મજબૂતસિંહ બસીયા, અર્જુનભાઈ દવે, કૌશલભાઈ દવે, સૌરભભાઈ મકવાણા, સંજયભાઈ અગ્રાવત, અંજુબેન ટીંબડીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## ધોરાજીમાં ઓવરટેકના મામલે યુવાનનું મોત, માર માર્યાનો ભાઈનો આક્ષેપ

ધોરાજી, તા. ૦૩

ધોરાજી-જૂનાગઢ રોડ પર તોરણિયા પાટિયા નજીક મોટરસાયકલ ઓવરટેક કરવાના મામલે થયેલા ઝઘડામાં દલિત યુવાન જયેશ વિંઝુડાનું મોત થયું હોવાનો તેના ભાઈ રાજ વિંઝુડાએ આક્ષેપ કર્યો છે. બંને ભાઈઓ જૂનાગઢ તરફ જતા હતા ત્યારે અજાણ્યા બાઈકસવારોએ જયેશને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી.



ઘટનાની જાણ જૂનાગઢ તાલુકા પોલીસને કરાઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ફોરેન્સિક લેબોરેટરીમાં ખસેડાયો હતો. આરોપીઓને ઝડપી લેવા માંગ ઉઠી છે.

## ચલાલા પોલીસ દ્વારા રૂ. પાંચ લાખના વિદેશી દારૂનો નાશ કરાયો

**વિવિધ ગુનાઓમાં જપ્ત કરાયેલી ૨૩૦૪ બોટલનો વહીવટી તંત્રની હાજરીમાં નાશ કરાયો**

ધારી,તા.૦૩

ચલાલા પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલા અંદાજે રૂ. ૫ લાખની કિંમતના વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના



અલગ-અલગ ગુનાઓમાં કુલ ૨૩૦૪ બોટલ વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. લાંબા સમયથી જપ્ત કરાયેલા આ દારૂનો કાયદેસરની પ્રક્રિયા મુજબ ધારી વહીવટી તંત્ર દ્વારા નાશ કરવામાં આવ્યો હતો. દારૂના નાશની કામગીરી દરમિયાન ધારી પ્રાંત અધિકારી, એસ.પી., મામલતદાર તેમજ ચલાલા પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો. વહીવટી તંત્ર અને પોલીસની દેખરેખ હેઠળ જપ્ત કરાયેલા દારૂનો નાશ કરી સમગ્ર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન કાયદાકીય નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું.

## ડો. પ્રવીણભાઈ તોગડિયાની અધ્યક્ષતામા ચલાલાના ભીમનાથ મંદિરે ધર્મસભા યોજાઈ

ચલાલા,તા.૦૩

ચલાલા ખાતે ભીમનાથ મંદિરના પવિત્ર પરિસરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના વડા ડો. પ્રવીણભાઈ તોગડિયાની અધ્યક્ષતામાં ધર્મસભા યોજાઈ હતી. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ધર્મસભામાં હિન્દુ સમાજની એકતા, સંગઠન અને સેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




વિદ્યાદાન, અન્નદાન, પ્રાણદાન, વાણીદાન તથા કન્યાદાન જેવા સેવાકાર્યોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. હિન્દુ સમાજની મદદ માટે હિન્દુ હેલ્પલાઈન અંગે પણ માહિતી આપવામાં આવી હતી. ડો. તોગડિયાએ નવરાત્રી દરમિયાન દરેક ઘરમાં શસ્ત્રપૂજન કરવા તેમજ દરેક ગામમાં હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા અપીલ કરી હતી. જરૂરિયાતના સમયે સંગઠનની શક્તિથી સમાજને મદદરૂપ થવા કાર્યકરોને આહ્વાન કરાયું હતું. આ પ્રસંગે ડો. તોગડિયાનું ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સા.કુંડલા શહેરમાં આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદનો કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા ખાતે આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ તથા તેની વિવિધ પાંખો દ્વારા ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડો. પ્રવીણભાઈ તોગડિયાએ ધર્મ જાગૃતિ, સંગઠન મજબૂતી અને સમાજસેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ, રાષ્ટ્રીય છાત્ર પરિષદ, હિંદુ એડવોકેટ્સ ફોરમ, એક મુઠ્ઠી અનાજ તથા ઈન્ડિયા હેલ્પલાઈન જેવી વિવિધ પાંખોની



સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. દરેક ગામ, શહેર અને કોલોનીમાં શનિવારે સામૂહિક હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવાનો સંકલ્પ કરાયો હતો. સંતો અને વક્તાઓએ ધર્મરક્ષા, સુરક્ષા, સમૃધ્ધિ અને સ્વસ્થ સમાજના નિર્માણ અંગે વિચારો રજૂ કર્યા હતા. મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## નાગપાંચમે દર્શનાર્થીઓ માટે પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરની સેવાકીય પહેલ

રાજુલા,તા.૦૩

નાગપાંચમના પવિત્ર પર્વ નિમિત્તે રાજુલા-જાફરાબાદ માર્ગ પર લુણસાપુરિયા દાદાના મંદિરે જતા દર્શનાર્થીઓ માટે પૂર્વ




ધારાસભ્ય અંબરીશ ડેર અને તેમના મિત્રમંડળ દ્વારા ચા, પાણી, નાસ્તો અને ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ચારનારા નજીક સેવા સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. છેલ્લા દસ વર્ષથી વધુ સમયથી ચાલતા આ સેવાકાર્યમાં મિત્રમંડળે ઉપસ્થિત રહી ભક્તોને સેવા પૂરી પાડી હતી.

## અમરેલી તાલુકામાં વરસાદ ખેંચાતાં સુકાતા પાક માટે સૌની યોજનાનું પાણી આપવા કિસાન મોરચાની રજૂઆત

**તાલુકા કિસાન મોરચાએ કૌશિક વેકરીયા સહિતનાઓને પત્ર પાઠવ્યો**

અમરેલી,તા.૦૩

અમરેલી તાલુકામાં લાંબા સમયથી વરસાદ ખેંચાવાના કારણે ખેડૂતોનો ઊભો પાક સુકાઈ રહ્યો છે અને પશુપાલન માટે ઘાસચારાની ગંભીર મુશ્કેલી ઊભી થઈ છે, જેથી ખેડૂતોની જમીન સુધી તાત્કાલિક સૌની યોજનાનું પાણી પહોંચાડવા બાબતે કિસાન મોરચો અમરેલી તાલુકા દ્વારા ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને નમ્ર રજૂઆત કરવામાં આવી છે.કિસાન મોરચો અમરેલી તાલુકાના પ્રમુખ મનીષ ઠુંમર તથા મહામંત્રીઓ કલ્પેશ મેતલીયા અને મોતિલાલા કાનાણી દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતની નકલ ગુજરાત રાજ્યના પેટ્રોલ અને કેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ગુજરાત રાજ્ય કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હીરપરા તેમજ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીને પણ પાઠવવામાં આવી છે.

## રાજુલા પોલીસે રૂ.૩.૧૯ લાખના સાયબર ફ્રોડના આરોપીને બિહારથી ઝડપી પાડ્યો

રાજુલા,તા.૦૩

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા રૂ.૩.૧૯ લાખના સાયબર ફ્રોડનો ભેદ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે ઉકેલી મુખ્ય આરોપીને બિહારના પટનામાંથી ઝડપી પાડ્યો છે. ફરિયાદીનો મોબાઈલ હેક કર્યા બાદ આરોપીએ તેની જાણ બહાર બેંક ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે પાંચ બેંક ખાતામાં કુલ રૂ.૩,૧૯,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. સાયબર ફ્રોડની જાણ થતાં ફરિયાદીએ ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેકનિકલ એનાલિસિસ હાથ ધરી ટ્રાન્ઝેક્શન બાદ રકમ રોકડમાં ઉપાડવામાં આવી હોવાનું શોધી કાઢ્યું હતું. તપાસના આધારે બિહારના પટના



શહેરના જમાલ રોડ વિસ્તારમાં રહેતા રવિકુમાર રાજેશકુમારને

**ટેકનિકલ એનાલિસિસના આધારે બિહારના પટનામાંથી મુખ્ય આરોપીની ધરપકડ**

ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહી ભાવનગર રેન્જ આઈજી આર.વી. અસારીની સૂચના અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

## લાઠીમાં પાટોત્સવ અને ભવ્ય બડા મનોરથ યોજાશે



લાઠી,તા.૦૩

લાઠીમાં બાલકૃષ્ણ લાલજી તથા ગોવર્ધનનાથજી હવેલી ખાતે ૨૫મા રજત જયંતિ પાટોત્સવ અને ભવ્ય ‘બડા મનોરથ’નું આયોજન કરવામાં આવ્યું છે. સંવત ૨૦૮૨, શ્રાવણ વદ ૧૨, મંગળવાર, તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ યોજાનારા આ પાવન પ્રસંગને લઈને હવેલી પરિવાર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીના દર્શન, સેવા તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સવારે ૭થી ૮ વાગ્યા સુધી મંગળા દર્શન યોજાશે, જ્યારે સવારે ૮ વાગ્યે વૈષ્ણવો માટે બ્રહ્મસંબંધ લેવાનો સમય રાખવામાં આવ્યો છે. સવારે ૯ વાગ્યે સંન્યાસ આશ્રમથી શોભાયાત્રા નીકળીને મેઈન રોડ થઈ બાલકૃષ્ણ લાલજી હવેલી ખાતે પહોંચશે.

**નામ બદલાવેલ છે**

આથી મે મારૂ જુનુ નામ ઓડેદરા ગોપાલ રામ સરનામું : પ્લોટ નં. ૧૧ શ્યામનગર-૨, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧ માંથી બદલાવીને ગોપાલભાઈ રામભાઈ ઓડેદરા (નવું) કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : શ્રી કષ્ટભંજન દેવ, બંગલોઝ નં. ૬/૪, પ્રગતીનગર, રીલાયન્સ સ્માર્ટ બજારની બાજુમાં, લાઠી રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧.

# મોદીએ ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગને વૈશ્વિક બજારમાં મજબૂત હાજરી વધારવા હાકલ કરી

નવી દિલ્હી, તા.૦૩



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સના ૬૬મા વાર્ષિક સંમેલનને સંદેશ આપતાં ભારતીય ઓટો ઉદ્યોગની ઉત્પાદન ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેમણે તાજેતરના મુક્ત વેપાર કરારોને કારણે ભારતીય વાહનોને આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ તકો મળી હોવાનું જણાવ્યું હતું. મોદીએ કહ્યું કે સુધારેલી કનેક્ટિવિટી અને કાર્યક્ષમ લોજિસ્ટિક્સથી ઉત્પાદન ખર્ચ ઘટ્યો છે, જેના કારણે ભારતીય વાહનો વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બન્યા છે. તેમણે ઉર્જા કાર્યક્ષમતા, નવી ટેકનોલોજી અને અદ્યતન ઉત્પાદનને કારણે ઓટોમોબાઈલ ક્ષેત્રમાં થઈ રહેલા પરિવર્તનનો પણ ઉલ્લેખ કર્યો. વડાપ્રધાને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણને કારણે ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગમાં વધારો થવાની વાત કરી હતી. તેમણે મેક ઈન ઈન્ડિયા અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ જેવી સરકારી પહેલોને ઓટો ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ગણાવી હતી. મોદીએ ઉદ્યોગને નવીનતા, શ્રેષ્ઠતા અને આત્મનિર્ભરતા સાથે ભારતની વૈશ્વિક ઓટોમોટિવ ક્ષમતાને નવી ઊંચાઈએ લઈ જવા હાકલ કરી હતી.

# કાયદાના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગની કાર્યવાહીનો BCIને અધિકાર નથી: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૦૩



સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ) અથવા રાજ્ય બાર કાઉન્સિલને કાયદાના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાનો કાનૂની અધિકાર નથી. વિદ્યાર્થીઓની શિસ્ત જાળવવાની જવાબદારી તેમની યુનિવર્સિટી અથવા સંસ્થાના અધિકારક્ષેત્રમાં આવે છે. બાર કાઉન્સિલનો અધિકાર વિદ્યાર્થી વકીલ તરીકે નોંધણી કરાવે ત્યારથી લાગુ પડે છે. સીજેઆઈ સૂર્યકાંત, ન્યાયાધીશ જાયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની બેન્ચે આ સ્પષ્ટતા કરી હતી. હૈદરાબાદની નાલસર યુનિવર્સિટી ઓફ લોના વિદ્યાર્થીઓના કેસમાં બીસીઆઈએ અગાઉ સમગ્ર બેચની નોંધણી સ્થગિત કરવાના નિર્દેશો આપ્યા હતા, જોકે બાદમાં તે પાછા ખેંચી લેવાયા હતા. કોર્ટે ૧૪ ઓગસ્ટે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને બીસીઆઈ અથવા રાજ્ય બાર કાઉન્સિલની દંડાત્મક કાર્યવાહીથી વચગાળાનું રક્ષણ આપ્યું હતું. ગુરુવારે કોર્ટે આ રક્ષણ કાયમી કર્યું હતું. સીજેઆઈએ કહ્યું કે કાયદાનો અભ્યાસ પૂર્ણ કરી વકીલ તરીકે નોંધણી થયા બાદ જ બીસીઆઈ વ્યાવસાયિક આચરણનું નિયમન કરી શકે છે.

# ધારીમાં બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ધારી,તા.૦૩



ધારી શહેરમાં SBI પાસેથી બાઈક ચોરી કરીને ફરાર થઈ ગયેલા શખ્સને ધારી પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યો છે. પોલીસે પાણીયા ગામ, તાલુકો ધારીના રહેવાસી કેતન મનસુખભાઈ ઝાલેરાની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીએ બાઈક ચોરી કરી હોવાની વિગતો સામે આવી છે. પોલીસે ચોરાયેલું બાઈક કબજે લેવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અગાઉ પણ કોઈ ચોરીના ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે અંગે ધારી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસની કાર્યવાહીથી ચોરીના બનાવમાં મહત્વની સફળતા મળી છે.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના વિચાર મહોત્સવમાં મધમાખીની સામુહિક ચેતના પરથી પ્રેરણા અપાઈ

સુરત,તા.૦૩




સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કેશુભાઈ પટેલ ઓડિટોરિયમ ખાતે ૧૭૫મો 'વિચાર મહોત્સવ' યોજાયો હતો. આ પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે મધમાખીઓની સામુહિક ચેતના અને વ્યવસ્થાપનમાં સફળ જીવનનું તત્વજ્ઞાન રહેલું છે. તેમણે જીવનમાં સતત મહેનત, શિસ્ત, સમૂહ ભાવના, જવાબદારી અને સારા સંવાદરૂપી 'મધમાખી પ્રેરણા પંચામૃત' અપનાવવા આહવાન કર્યું હતું. પ્રકૃતિપ્રેમી અશોકભાઈ પટેલે મધમાખીને ખેડૂતની સાથી ગણાવી પરાગનયન દ્વારા કૃષિપાક વધારવામાં તેની ભૂમિકા વર્ણવી હતી, જ્યારે નીતિનભાઈ દેસાઈએ પ્રકૃતિ પાસેથી વિકાસનો પાઠ શીખવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કન્યા છાત્રાલયના સંચાલક બટુકભાઈ શીયાણીનું સન્માન કરાયું હતું તેમજ સીએના વિદ્યાર્થીને રૂ. ૪૦,૦૦૦ની સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર આયોજનનું સંકલન હાર્દિકભાઈ ચાંચડ અને અંકિતભાઈ સુરાણીએ સફળતાપૂર્વક સંભાળ્યું હતું.


# કોટડાપીઠા ગામે ચોરા ચોકના મુખ્ય રામજી મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

કોટડાપીઠા,તા.૦૩

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે ચોરા ચોકમાં સ્થિત મુખ્ય રામજી મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ત્રિ-દિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. આ મહોત્સવ અંતર્ગત ૩ સપ્ટેમ્બરે ગુરુવારે ધર્મધ્વજા આરોહણ અને યજ્ઞ મંડપ ભૂમિપૂજન કરાયું હતુ, ત્યારબાદ ૫ સપ્ટેમ્બર, શનિવારે ગણપતિ પૂજન તેમજ સ્થાપિત દેવતા પૂજન સાથે મહોત્સવનો પ્રારંભ થશે. બીજા દિવસે ૬ સપ્ટેમ્બરે જલયાત્રા, શોભાયાત્રા અને નગરયાત્રા યોજાશે. મહોત્સવના અંતિમ દિવસે ૭ સપ્ટેમ્બર, સોમવારે વિધિવત મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા થશે અને બપોરે ચાર વાગ્યે પૂર્ણાહુતિ સાથે આ ધાર્મિક ઉત્સવ સંપન્ન થશે. આ ધાર્મિક કાર્યને લઈને સમગ્ર ગામમાં ભારે ઉત્સાહનો માહોલ છે. મંદિર વ્યવસ્થાપક સમિતિ, રામભક્ત પરિવાર અને ગ્રામજનો દ્વારા તમામ ભક્તજનોને મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સફેદ નંબર પ્લેટવાળા ટુ-વ્હીલરથી બાઈક ટેક્સી ચલાવવાની મંજૂરીનો વિચાર: નીતિન ગડકરી

નવી દિલ્હી, તા.૦૩



કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે ખાનગી ટુ-વ્હીલર માલિકોને બાઈક ટેક્સી ચલાવવાની મંજૂરી આપવાનો વિચાર છે. તેમણે રાજ્ય સરકારોને પોતાના રાજ્યોમાં આવી સેવાઓને મંજૂરી આપવા અપીલ કરી હતી. જોકે, પરિવહન રાજ્યનો વિષય હોવાથી બાઈક ટેક્સીને મંજૂરી આપવાનો અંતિમ નિર્ણય રાજ્યો દ્વારા લેવામાં આવશે. ગડકરીના જણાવ્યા મુજબ, બાઈક ટેક્સીથી ખાસ કરીને ગ્રામ્ય અને રોજગારની મર્યાદિત તકો ધરાવતા વિસ્તારોમાં આવકના નવા સ્ત્રોત ઊભા થઈ શકે છે. જોકે, પરમિટ, વીમા અને અન્ય નિયમો રાજ્ય સરકારની નીતિ અનુસાર નક્કી થશે. માર્ગ સલામતી અંગે ગડકરીએ જણાવ્યું કે સરકાર મોટર વાહન કાયદામાં સુધારા માટે વિચારણા કરી રહી છે. વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો માટે નેગેટિવ પોઈન્ટ સિસ્ટમ લાગુ થઈ શકે છે. ચોક્કસ મર્યાદા બાદ લાઈસન્સ સસ્પેન્ડ અથવા રદ કરવાની જોગવાઈ થઈ શકે છે. આ ઉપરાંત, ગડકરીએ 'સુરક્ષા' પાયલોટ કાર્યક્રમ શરૂ કર્યો છે, જેમાં ડ્રાઈવરો અને કામદારોની મફત તબીબી તપાસ તથા કાઉન્સેલિંગ કરવામાં આવશે.

# ઉનાના કાળાપાણ ગામ નજીક ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતા મહિલાનું મોત

ઉના,તા.૦૩


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના કાળાપાણ ગામના પરિવાર સાથે સાતમ-આઠમના તહેવાર દરમિયાન ઘરે પરત ફરતી વેળાએ ઉટવાળા ગામ નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. શીતળામાતા મંદિર પાસે માલણ નદી નજીક રેતી ભરેલા ટ્રેક્ટરે બાઈકને પાછળથી ટક્કર મારતા બાઈક પર સવાર લક્ષ્મીબેન ભાણાભાઈ વાજા નીચે પટકાયા હતા. ટ્રેક્ટરનું ટાયર તેમના પરથી ફરી વળતા ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. અકસ્માતમાં જીણાભાઈ મસરીભાઈ વાજા અને મનુભાઈ ભાણાભાઈ વાજાને ઈજાઓ પહોંચી હતી. મનુભાઈને માથાના ભાગે ઈજા થતાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર સાથે ફરાર થઈ ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. માલણ નદીમાંથી રેતી ઉપાડવાના મુદ્દે સ્થાનિકોમાં ફરી ચર્ચા શરૂ થઈ છે.

# ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીએ નેશનલ સ્ટેમ ક્વિઝમાં ઝળહળતી સફળતા મેળવી

ચલાલા, તા.૦૩



ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થી નાગેશ્રી સુજલે ગુજકોસ્ટ અને ડી.એસ.ટી., ગુજરાત સરકાર દ્વારા આયોજિત નેશનલ સ્ટેમ ક્વિઝ ૪.૦માં જોનલ કક્ષાએ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું છે. અમરેલીના ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન મ્યુઝિયમ અને બાલ ભવનના ઉપક્રમે યોજાયેલી આ ક્વિઝમાં સફળતા બદલ નિલેશભાઈ કે. પાઠક, પ.પૂ. સંતશ્રી ડૉ. રતિદાદા, ભારતભૂષણ મહેશભાઈ મહેતા અને ચેતન પાઠકના હસ્તે નાગેશ્રી સુજલને સેમસંગ ટેબલેટ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

**સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે**

# સા.કુંડલામાં રૂ. ૩૮.૫૫ કરોડના પાણી-સુએજ પ્રોજેક્ટનું લોકાર્પણ


અમરેલી,તા.૦૩



સાવરકુંડલા શહેરના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાયો છે. શહેરમાં પાણી પુરવઠો વધુ સુદૃઢ બનાવવા તેમજ ગંદા પાણીના વૈજ્ઞાનિક શુદ્ધિકરણ માટે કુલ રૂ. ૩૮.૫૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ સાંસદ ભરતભાઈ સુતરિયા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.કેન્દ્ર સરકારની અમૃત ૨.૦ 'નળ સે જલ' યોજના અંતર્ગત રૂ. ૧૦.૫૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૧૭ MLD ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૩૨ લાખ લીટર ક્ષમતાના સંપ તથા ૧૫ લાખ લીટર ક્ષમતાના ESRનું લોકાર્પણ કરાયું હતું. આ સુવિધાઓથી શહેરની પાણી શુદ્ધિકરણ અને વિતરણ વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે.આ ઉપરાંત રૂ. ૨૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૭.૩૪૦ MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્લાન્ટ દ્વારા ગંદા પાણીને વૈજ્ઞાનિક પધ્ધતિથી ટ્રીટ કરી યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવશે, જેના કારણે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને વેગ મળશે.લોકાર્પણ બાદ સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ બંને પ્લાન્ટની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડીયા સહિત વિવિધ સ્થાનિક આગેવાનો, નગરપાલિકાના હોદ્દેદારો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેપાળમાં આવેલા વિનાશક પૂરને કારણે ૭,૫૭૦ ઘરોને નુકસાન, રૂ. ૩૦ અબજનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધોવાયું

કાઠમંડુ, તા.૦૩



નેપાળમાં ભોટેકોશી અને ત્રિશુલી નદીઓમાં આવેલા વિનાશક પૂરના કારણે પાંચ જિલ્લાઓમાં હજારો પરિવારો પ્રભાવિત થયા છે. પ્રાથમિક સરકારી અહેવાલ મુજબ રાસુવા, નુવાકોટ, ધાડિંગ, ગોરખા અને ચિતવાન જિલ્લામાં આશરે ૭,૫૭૦ ખાનગી ઘરોને નુકસાન થયું છે. અહેવાલ અનુસાર ૧,૨૫૩ મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જ્યારે ૬,૩૧૭ મકાનોને ભારે નુકસાન થયું છે. અસરગ્રસ્ત અનેક મકાનોની તાત્કાલિક મરામત શક્ય ન હોવાથી તેમના પુનઃનિર્માણની જરૂરિયાત ઊભી થઈ છે.

ખાનગી મકાનોને થયેલા નુકસાનનો પ્રાથમિક અંદાજ આશરે ૧૭.૩૧ અબજ નેપાળી રૂપિયા છે. પૂરના કારણે ૪૫ સરકારી ઈમારતોને પણ નુકસાન થયું છે, જેનો અંદાજિત ખર્ચ ૪.૫ અબજ રૂપિયા છે. દરમિયાન, નેપાળના રાષ્ટ્રીય રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ ભારે નુકસાન થયું છે. રોડ વિભાગના પ્રાથમિક આંકડા મુજબ માર્ગ માળખાને આશરે ૩૦ અબજ નેપાળી રૂપિયાનું નુકસાન થયું છે. નુકસાનનું વિગતવાર મૂલ્યાંકન હજુ ચાલુ છે.

# પીએમ મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ વચ્ચેની મુલાકાતથી અમેરિકાના પેટમાં તેલ રેડાયુ

વોશિંગ્ટન, તા.૦૩



કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં એસસીઓ બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે થયેલી મુલાકાતને લઈને અમેરિકાએ ઈરાન સાથે વેપાર કરતા દેશોને ચેતવણી આપી છે. અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે કોઈપણ દેશ ઈરાનને પ્રતિબંધો ટાળવામાં મદદ કરશે તો ટ્રમ્પ વહીવટીતંત્ર તેની સામે પ્રતિબંધો લાદી શકે છે. ભારત-ઈરાન વચ્ચે કોઈ વેપાર કરાર અંગેના સવાલના જવાબમાં રુબિયોએ કહ્યું કે દરેક દેશ પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ નક્કી કરે છે. જોકે, તેમણે ઈરાનને આવક ઊભી કરવામાં અને તે નાણાંનો ઉપયોગ આતંકવાદ કે પરમાણુ હથિયારોના વિકાસ માટે કરવામાં મદદ ન કરવાની અપીલ કરી હતી. દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાન સામે અમેરિકા યુધ્ધમાં સફળ થઈ રહ્યું છે. તેમણે ઈરાનની નૌકાદળ, વાયુસેના અને સેનાને નુકસાન પહોંચાડ્યાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે હોર્મુઝ જળમાર્ગ પર અમેરિકાના નિયંત્રણનો ઉલ્લેખ કરતાં તેનું નામ 'ટ્રમ્પ સ્ટ્રેટ' રાખવાનો સૂચક વિચાર પણ વ્યક્ત કર્યો હતો.

# ગુજરાતમાં રોકાણ માટે ઉદ્યોગજગતને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું આમંત્રણ

ગાંધીનગર,તા.૦૩



મુંબઈ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ને અનુલક્ષીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગજગતના વિવિધ અગ્રણીઓ સાથે વન-ટુ-વન બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ ઉદ્યોગપતિઓને વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું હતું. મહિન્દ્રા ગ્રુપના આનંદ મહિન્દ્રાએ ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનો અને GIFT સિટી ક્ષેત્રે રોકાણની તકો અંગે ફળદાયી ચર્ચા થઈ હોવાનું જણાવ્યું હતું. સ્વાન કોર્પોરેશનના નિખિલ મર્ચન્ટે ગુજરાતની શિપિંગ પોલિસીની પ્રશંસા કરી હતી. વેલ્સપન ઈન્ડિયાના દીપાલી ગોએન્કાએ રાજ્યના મજબૂત ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ અને ઉદ્યોગલક્ષી નીતિઓને કારણે નવા રોકાણ અને વિસ્તરણની તકો અંગે ચર્ચા કરી હતી. હિન્ડાલ્કોના સતિષ પાઈ સાથે કોપર રિસાયક્લિંગ, ઈ-વેસ્ટ મેનેજમેન્ટ અને સર્ક્યુલર ઈકોનોમી અંગે ચર્ચા થઈ હતી. AMNSના અમિત હરલાલકાએ ગુજરાતમાં મોટા પાયે સ્ટીલ પ્લાન્ટ અને વધારાના રોકાણની યોજનાઓ અંગે માહિતી આપી હતી.

# કચ્છ દરિયાકાંઠે મરીન કમાન્ડોએ સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું : જખૌથી કોશા સુધી સુરક્ષા ચુસ્ત કરાઈ

કચ્છ,તા.૦૩



કચ્છની આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવાના ભાગરૂપે મરીન કમાન્ડો દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ડીવાયએસપી આર.એમ. ચૌધરીના નેતૃત્વ હેઠળ જખૌ સેક્ટરના સંવેદનશીલ વિસ્તારો જેવા કે જખૌ બંદર, મોહાડી, નિમલી વાંઢ, કેરવાંઢ અને કોશા સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ ડ્રાઈવ મરીન ટાસ્ક ફોર્સના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની ટીમે સ્થાનિક માછીમારો સાથે સંવાદ સાધીને દરિયામાં કોઈ પણ અજાણી વ્યક્તિ, શંકાસ્પદ બોટ કે અસામાન્ય હિલચાલ જણાય તો તાત્કાલિક સુરક્ષા એજન્સીઓને જાણ કરવા સૂચના આપી હતી. આંતરરાષ્ટ્રીય સરહદ નજીક હોવાથી દરિયાઈ માર્ગે થતી ઘૂસણખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓ રોકવા માટે આ તકેદારીના પગલાં લેવાયા છે.

# કેનેડિયન યુવતીની જાળમાં ફસાઈ અમદાવાદના આધેડ વેપારીએ રૂ.૧.૧૦ કરોડ ગુમાવ્યા

અમદાવાદ,તા.૦૩



અમદાવાદના ચાંદખેડામાં રહેતા ૫૧ વર્ષીય આધેડ વેપારી સાથે ૧.૧૦ કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ થઈ છે. પત્નીના અવસાન બાદ લગ્ન માટે મેટ્રિમોનિયલ સાઈટ પર પ્રોફાઈલ બનાવનાર વેપારીનો સંપર્ક કેનેડાની સી.એ. હોવાનો દાવો કરતી યુવતી સાથે થયો હતો. તેણે પ્રેમજાળમાં ફસાવીને ફાર્માસ્યુટિકલ રો-મટીરિયલમાં ઊંચા નફાની લાલચ આપી હતી. વેપારીએ ૨૪ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. ૧.૧૦ કરોડ અલગ-અલગ બેંક ખાતા અને આંગડિયામાં ટ્રાન્સફર કર્યા હતા. પૈસા મળતા જ યુવતીનો ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. બનાવ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

# સુરતના પૂણા વિસ્તારમાં ઘરમાંથી માતા-પુત્રીના શંકાસ્પદ મૃતદેહ મળતા ચકચાર, સાથે રહેતા યુવક પર આરોપ

સુરત,તા.૦૩



સુરતના પૂણા વિસ્તારમાં આવેલી શિવનગર સોસાયટીના એક મકાનમાંથી ૪૨ વર્ષીય જાશાબેન અને તેમની ૧૯ વર્ષીય પુત્રી મુસ્કાનના શંકાસ્પદ સંજોગોમાં મૃતદેહ મળી આવ્યા છે.

ઘટના સમયે ઘરમાં માત્ર માતા-પુત્રી હાજર હતા. મૃતકના ગળા પર નિશાન મળી આવ્યા છે. મૃતકના પુત્રના જણાવ્યા મુજબ, ઘટના પહેલાં માતાનો ફોન આવ્યો હતો જેમાં તેમણે સાથે રહેતો હિમાંશુ સિંહ નામનો યુવક મારપીટ કરી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

બનાવ બાદ આરોપી યુવક અને બંને મૃતકોના મોબાઈલ ફોન ગાયબ છે.

પરિવારે દોઢ વર્ષથી સાથે રહેતા હિમાંશુ સિંહ પર જ બંનેની હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે. પૂણા પોલીસે બંને મૃતદેહોને સ્મીમેર હોસ્પિટલ ખસેડી, કૉલ ડિટેલ્સના આધારે ફરાર યુવકની શોધખોળ હાથ ધરી છે.

# પીએમ મોદીના પ્રવાસને પગલે વડોદરામાં પોલીસનું કડક ચેકિંગ

વડોદરા,તા.૦૩



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસને લઈને શહેર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી છે. શહેરમાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ અને શંકાસ્પદ વાહનચાલકોની પૂછપરછ કરાઈ રહી છે. આ ઉપરાંત, હોટલો અને ગેસ્ટ હાઉસમાં રોકાયેલા લોકોના આઈડી પ્રૂફ, રજિસ્ટર એન્ટ્રીઓ અને સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. સંચાલકોને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે વ્યક્તિ દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

# અમદાવાદમાં ચંડોળા તળાવના અસરગ્રસ્તોનો રિવરફ્રન્ટ હાઉસ ખાતે ઘેરાવ, તાત્કાલિક આવાસ અને ભાડા સહાયની માગ

અમદાવાદ,તા.૦૩



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવ વિસ્તારમાંથી મકાનો દૂર કર્યા બાદ છ મહિના વીતી જવા છતાં આવાસની ફાળવણી ન થતાં ૨૦૦થી વધુ રહેવાસીઓએ સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. મહિલાઓ સહિત મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોએ ઝડપી આવાસ ફાળવણી અથવા માસિક રૂ. ૧૦,૦૦૦ ભાડા સહાય આપવાની માંગ કરી હતી.

કોંગ્રેસ કોર્પોરેટર શહેઝાદખાન પઠાણની આગેવાનીમાં લોકો મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે મુલાકાત ન થતાં પોલીસે દરવાજા બંધ કરી બંદોબસ્ત ગોઠવ્યો હતો. મકાન છીનવાઈ જતાં બહાર ભાડાના મકાનમાં રહેવા મજબૂર બનેલા લોકોએ માંગ પૂરી ન થાય ત્યાં સુધી ધરણા ચાલુ રાખવાની ચીમકી આપી છે.

# અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી આવેલ પતિ-પત્ની પાસેથી ૧.૯૨૮ કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત

અમદાવાદ,તા.૦૩



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે મોટી કાર્યવાહી કરતા બેંગકોકથી આવેલા દંપતી પાસેથી ૧.૯૨૮ કિલો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે.

કસ્ટમ્સની ટીમે નિયમિત તપાસ દરમિયાન મુસાફરોના સામાનનું એક્સ-રે સ્કેનિંગ કર્યું હતું. સ્કેનિંગમાં ટ્રોલી બેગમાં અસામાન્ય વસ્તુ જણાતાં ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન ટ્રોલી બેગમાં ખાસ બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી ૧૦ વેક્યૂમ પેકેટમાં છુપાવેલો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. કસ્ટમ્સ વિભાગે નશીલા પદાર્થનો જથ્થો કબજે કરી દંપતીની અટકાયત કરી છે. આ જથ્થો કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં વધુ પૂછપરછ અને તપાસ શરૂ કરવામાં આવી છે.






# અમદાવાદમાં ગેરકાયદે કોડીનયુક્ત કફ સિરપ કેસમાં SOG ક્રાઈમ બ્રાન્ચે 'પ્રામા હેલ્થકેર'નું લાઈસન્સ રદ કરવા પ્રક્રિયા શરૂ

અમદાવાદ,તા.૦૩



અમદાવાદ SOG ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર કોડીનયુક્ત કફ સિરપના નેટવર્કનો પર્દાફાશ કરીને બે આરોપીઓની અટકાયત કરી છે. તપાસ દરમિયાન 'પ્રામા હેલ્થકેર'નું નામ સામે આવતાં પોલીસે તેનું ડ્રગ્સ લાઈસન્સ રદ કરાવવા માટે ડ્રગ્સ વિભાગને જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે રૂ. ૫૯.૪૧ લાખની કિંમત ધરાવતી કફ સિરપની કુલ ૫,૦૫૦ બોટલો જપ્ત કરી છે. નશીલી કફ સિરપનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરી છે.

# ઓનલાઈન કેબના વિરોધમાં અમદાવાદના રિક્ષા-ટેક્સી ચાલકોનું ૭ થી ૧૦ સપ્ટેમ્બર બંધનું એલાન

અમદાવાદ,તા.૦૩



ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી જેવી ઓનલાઈન કંપનીઓ સામે રિક્ષા યુનિયનોએ મોરચો માંડ્યો છે.'રોજગાર બચાવ આંદોલન' હેઠળ અમદાવાદમાં ૭ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રિક્ષા અને ટેક્સી સેવાઓ બંધ રહેશે.યુનિયનોનો આરોપ છે કે ઓનલાઈન એગ્રીગેટર કંપનીઓ ડ્રાઈવરોનું શોષણ કરે છે અને સરકારી નિયમોનો ભંગ કરીને સફેદ નંબર પ્લેટવાળા ટુ-વ્હીલરનો ગેરકાયદેસર ટેક્સી તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. ૨૭ ઓગસ્ટે વાહન વ્યવહાર કમિશનરને રજૂઆત કરવા છતાં નિર્ણય ન આવતાં આ ચાર દિવસીય હડતાલનું એલાન કરાયું છે, જેથી મુસાફરોએ અગાઉથી વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે.





